સુવિચાર

સવાર એ નવું આરંભ છે, તમારી શ્રેષ્ઠ ક્ષમતાનો ઉપયોગ કરો અને હંમેશા આગળ વધો...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)

mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




ખાનગી કોલેજમાં પોર્ન લાઈવ નીહાળતા પ્રોફેસરનો વીડિયો વાયરલ P-4


Year-16, Issue-33 ■ DATE : 16-05-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# દેશમાં ફુગાવો ઘટયો પરંતુ મોંઘવારી જેમની તેમ!



## શિક્ષણ, બેન્કિંગ તેમજ અન્ય ખાદ્યચીજો મોંઘી બનીઃ વાહનો ચલાવવાનું મોંઘુઃ દુધની કિંમતોમાં સતત વધારો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં ફુગાવાના દરમાં સતત ઘટાડાથી મોંઘવારી ઘટી રહી હોવાનો એક માહોલ ઉભો કરવામાં આવે છે અને સરકાર પર ભાવ સપાટી પર કાબુ હોવાનો જશ લે છે પણ જનતા-સામાન્યથી મધ્યમવર્ગ પર જે એક છુપો બોજ પડે છે તેની ભાગ્યે જ કોઈ ચિંતા સરકાર કરે છે. અને તેનાથી લોકો મોંઘવારીનો છુપો માર સહન કરે છે.

સરકાર ખાદ્યચીજોના જથ્થાબંધ ભાવાંકને વધુ મહત્વ આપે છે. રીટેલ ફુગાવાની ગણતરીનો બોઝ પણ જૂનો છે પણ બજારમાં તેના વચ્ચેનું અંતર સતત વધુ હોય છે તે લોકો બજારમાં ખરીદી સમયે થતા અનુભવો સૌ પ્રથમ નવુ શૈક્ષણિક વર્ષ શરૂ થઈ રહ્યુ છે અને તેથી વાલીઓને એ ખ્યાલ હશે કે સ્કુલની ફીથી યુનિફોર્મ પાઠયપુસ્તક-બાળકોના ટ્રાન્સપોર્ટેશન ખર્ચ અને સ્ટેશનરી ઉપરાંત તેના લંચ બોકસનો ખર્ચ ૧૫થી૨૦% વધી ગયો છે.

દર વર્ષે શૈક્ષણિક ખર્ચમાં ૨૦%નો સરેરાશ વધારો થતો રહે છે અને છેલ્લા એક દોઢ દશકાની આ વાત છે. ૨૦૧૪-૧૫માં જે શાળા ફી રૂા.૪-૫ હજાર હતી તે હવે વધીને રૂા.૧૫૦૦૦ની થઈ છે. અને તે ઉપરાંતના શૈક્ષણિક ખર્ચ વધારો જેની કદી ફુગાવામાં ગણતરી થતી નથી.

દેશના લોકોને દૂધ તો દર વર્ષે સતત મોંઘુ ખરીદવાની ફરજ પડે છે અને તેની ગુણવતા અંગે ભાગ્યે જ કોઈ ગેરન્ટી છે અને હવે ચેકીંગમાં વળતા દૂધ, દહી, લોટ વિ. પર જીએસટી વસુલવામાં આવી રહ્યા છે અને તેની રોજબરોજની ખાદ્ય ચીજો પર જીએસટી એ બજેટમાં વધારો કરે છે. હવે ટ્રાન્સપોર્ટેશન ખર્ચમાં તો કોઈ નિયંત્રણ નથી.

દેશમાં મોંઘા પેટ્રોલ-ડિઝલ-ગેસ વિ. લાંબા સમયથી ભાવમાં કોઈ પારદર્શકતા વચ્ચે વેચાય છે. સરકારે રાંધણગેસ સબસીડી પણ બંધ કરી છે. ઉજવલા યોજના નામે અપાતા સિલિન્ડર પણ મર્યાદીત છે અને તે મર્યાદીત લોકોને મળે છે.

વધતુ સંચાલન ખર્ચ ૧૫-૨૦% વધી ગયા છે. ઉપરાંત હવે ટોલ ટેક્ષ એ સૌથી મોટી કમાણી બની છે. સરકાર ટેક્ષના નાણા વિકાસના નામે ઉઘરાવે છે પણ ટોલટેક્ષ મારફત તે વસુલી લે છે. આમ એકજ પ્રકારની સેવા માટે ડબલ- ત્રણ ગણો ટેક્ષ ચુકવ્યો હતો.

સરકારે બેન્કીંગ સેવા છેવાડાના માનવી સુધી પહોંચે તે રીતે અનેક આયોજનો કર્યા. જનધન યોજના, ડીઝીટલ બેન્કીંગ અને ભીમ એપ સહિતની સુવિધાથી લોકોને બેન્કોની સેવા આંગળીના ટેરવે મળી રહે છે. પણ તેમ છતા બેન્કીંગના છુપા ચાર્જ એ બેન્કોના તગડા નફામાં ઉમેરો કરો.

આવશ્યક ડુપ્લીકેટ જોઈતી હોય તો પણ રૂા.૧૦૦, મીનીમમ બેલેન્સ ચાર્જ, એટીએમ, ડેબીટ કાર્ડ ચાર્જ તમો જે બેન્કીંગ સેવાનો ઉપયોગ કરો તેનો ચાર્જ વસુલવામાં જેનો ફુગાવાની ગણતરીમાં કદી જીવનમાં લેવાતી નથી.

છેલ્લા ૧ વર્ષમાંજ બેન્કોએ અલગ અલગ ચાર્જના તાપ રૂા.૩.૫ હજાર કરોડ વસુલ્યા. સરકારનો દાવો છે કે પ્રતિ વ્યક્તિ આવક વધી છે અને તે વાસ્તવિકતા પણ છે. ૨૦૧૪માં પ્રતિ વ્યક્તિ આવક રૂા.૮૬૬૪૭ હતી જે વધીને ૧.૮૦ લાખ થઈ છે પણ તેમાં સરકારના નવા સીધા- આડકતરા-વેરા- વધેલા જીવન ખર્ચ- મળેલી આવશ્યકતા અને તેમાં તમામ ફેકટરથી લોકોનો બોજો પણ વધ્યો છે.

# અમદાવાદમાં જીન્સ બનાવતી કંપનીની ટાંકીમાં ડુબી જવાથી ત્રણ યુવકોના મોત



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદની દાણીલીમડા વિસ્તારમાંથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. જેમાં જીન્સ બનાવતી કંપનીમાં કાપડ ધોવાની ટાંકીમાં ઉતરેલા ત્રણ યુવકના મોત નિપજ્યા છે. સમગ્ર ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચી છે. મૃતકોના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે.

શહેરના દાણીલીમડા વિસ્તારમાં ખોડિયારનગર પાસે જીન્સ બનાવતી કંપનીમાં ત્રણ યુવકોના ટાંકીમાં ડૂબવાથી મોત નિપજ્યા છે. આ યુવકોની ઓળખ સુનિલ રાઠવા, વિશાલ ઠાકોર અને પ્રકાશ પરમાર તરીકે થઈ છે. મૃતકોના પરિવારજનોનો આરોપ છે કે, કંપનીની બેદરકારીના કારણે મૃતકોના મૃતદેહ આખી રાત ટાંકીમાં રહ્યા હોવાના કારણે તેમના મોત નિપજ્યા છે. સમગ્ર ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે પહોંચી અને મૃતકોના મૃતદેહોને મણિનગરની એલ. જી હોસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ અર્થે મોકલવામાં આવ્યા છે. ત્રણેય યુવકોની ઉંમર ૨૫-૩૦ વયની વચ્ચે હોવાનું સામે આવ્યું છે. સમગ્ર ઘટનાથી પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાથમિક માહિતી અનુસાર, ત્રણેય મૃતક નાઈટ શિફ્ટ દરમિયાન કામ કરી રહ્યા હતાં, સફાઇ માટે તેઓ વૉશિંગ ટાંકીમાં પડ્યા હતાં, પરંતુ બહાર આવવામાં નિષ્ફળ ગયા હતા અને રાતભર ટાંકીમાં જ રહ્યા હતાં. દુર્ઘટનાની જાણ થતાં જ પરિવારજનો એલ.જી હોસ્પિટલ પહોંચ્યા હતા અને કંપની પર ફેક્ટરી મેનેજમેન્ટ તરફથી બેદરકારીનો આરોપ લગાવ્યો છે. પરિવારજનોનો દાવો છે કે, કંપનીએ કામદારોને જોખમી રીતે ટાંકીમાં જ છોડી દેવાયા હતા.

નોંધનીય છે કે, મૃતકોના મોતની સાચી હકીકત પોસ્ટ મોર્ટમ રિપોર્ટ બાદ જ સામે આવશે. હાલ પોલીસે આ અંગે ત્યાં હાજર અન્ય શ્રમિકો સાથે પૂછપરછ હાથ ધરી છે.

# ભારત વિશ્વ સામે પાકિસ્તાનનો નાપાક ચહેરો ઉઘાડો પાડશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતીય સેનાએ પાકિસ્તાન તથા પીઓકેમાં આતંકવાદી અડ્ડા પર ઓપરેશન સિંદૂર હેઠળ કાર્યવાહી કરી હતી. જે બાદ પાકિસ્તાની સરકાર અને સેનાએ ભારત પર હુમલા કરવાના નિષ્ફળ પ્રયાસ કર્યા. જેનો ભારતીય સેનાએ જડબાતોડ જવાબ આપ્યો અને પાકિસ્તાનના અનેક એરબેઝ તબાહ કરી નાંખ્યા. હાલ બંને દેશો વચ્ચે સંઘર્ષવિરામનો નિર્ણય લેવાયો છે, જોકે હવે સરકાર વિશ્વ સામે પાકિસ્તાનનો નાપાક ચહેરો ઉઘાડો પાડવા માટે નવી નીતિ પર કામ કરી છે.

મીડિયા અહેવાલો અનુસાર કેન્દ્ર સરકાર વિવિધ દેશોમાં ભારતના સાંસદોનું પ્રતિનિધિમંડળ મોકલશે. આ પ્રતિનિધિમંડળમાં વિવિધ રાજકીય પક્ષોના સાંસદો સામેલ હશે. પ્રતિનિધિમંડળનો મુખ્ય ઉદ્દેશ્ય વિદેશોમાં જઈને પાકિસ્તાનનો ઉઘાડું પાડવાનું રહેશે. જાણકારી અનુઆર કેન્દ્ર સરકાર આ મામલે વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ સાથે વાતચીત કરી રહી છે અને આગામી સમયમાં તેની સત્તાવાર જાણકારી આપવામાં આવશે.

નોંધનીય છે કે આ પ્રતિનિધિમંડળ દ્વારા દુનિયાના દેશોને જાણકારી અપાશે કે કઈ રીતે પાકિસ્તાન દ્વારા પ્રાયોજિત આતંકવાદના કારણે ભારતના માસૂમ નાગરિકોએ જીવ ગુમાવવા પડે છે. તથા ભારતે આખરે કેમ ઓપરેશન સિંદૂર જેવી કાર્યવાહી કરવાની નોબત આવી તેનાથી પણ દુનિયાને અવગત કરાવાશે. આટલું જ નહીં દુનિયાના દેશોને એ પણ સંદેશો અપાશે કે જો ભવિષ્યમાં ભારત પર કોઈ પણ પ્રકારના હુમલાનો પ્રયાસ કરાયો તો ઓપરેશન સિંદૂર જેવી કાર્યવાહી ફરી કરાશે.

નોંધનીય છે કે અગાઉ નરસિમ્હા રાવની સરકારમાં પણ આ જ રીતે સાંસદોનું પ્રતિનિધિમંડળ યુએન મોકલવામાં આવ્યું હતું જ્યાં વિપક્ષમાં બેસનારા અટલ બિહારી વાજપાયીએ ભારતનો પક્ષ મૂક્યો હતો.

# આઈપીએલનો ફરી કાલથી પ્રારંભ




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

શનિવારથી નવ દિવસ બાદ ફરી આઈપીએલનો ઉત્સાહ ભેર શરૂઆત થશે. હવે બાકીની ૧૭ મેચ દેશના છ શહેરોમાં રમાશે. અંતિમ ચારમાં સ્થાન મેળવવાની રેસમાં સાત ટીમો છે. આમાંથી ગુજરાત ટાઈટન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમો ફક્ત એક જીત સાથે પ્લેઓફની ટિકિટ કન્ફર્મ કરશે.

પંજાબ કિંગ્સે તેમની બાકીની ત્રણ મેચોમાંથી બે જીતવી પડશે .જ્યારે પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે તેમની બાકીની બંને મેચ જીતવી પડશે. દિલ્હી, કોલકાતા અને લખનૌએ બધી મેચ જીતવી પડશે. આ પછી જ આપણે અન્ય ટીમોના પરિણામો પર પણ આધાર રાખવો પડશે.

શુભમન ગિલની ગુજરાત ટીમ રવિવારે તેના હોમ ગ્રાઉન્ડ પર દિલ્હી સામે ફરી શરૂઆત કરશે. જો ટીમ દિલ્હી સામે જીત મેળવશે તો તે અંતિમ ચારમાં પહોંચી જશે. અને હાર દિલ્હીની મુશ્કેલીઓમાં વધારો કરશે.

ગુજરાતે પોતાની છેલ્લી બે મેચ ઘરઆંગણે રમવાની છે જ્યાં આ સિઝનમાં તેમનો જીત-હારનો રેકોર્ડ ૪-૧ છે. જો ગુજરાત ત્રણેય મેચ હારી જશે તો તે બહાર થઈ જશે. શનિવારે કોલકાતા અને બેંગલુરુ વચ્ચેની મેચ સાથે બેંગલુરુમાં લીગ ફરી શરૂ થશે.

આ જીત સાથે, બેંગલુરુ આ સિઝનમાં પ્લેઓફમાં પહોંચનારી પ્રથમ ટીમ બનશે. બેંગલુરુ બાકીની ત્રણેય મેચ હારી જાય તો પણ આગળ વધી શકે છે, જો અન્ય પરિણામો તેની તરફેણમાં આવે તો. બેંગલુરુને બે મેચ ઘરઆંગણે અને એક વિરોધી ટીમના મેદાન પર રમવાની છે.

પંજાબ તેની આગામી મેચ રવિવારે રાજસ્થાન સામે રમશે. ટીમને આગળ વધવા માટે બે મેચ જીતવી પડશે. તે ફક્ત એક મેચથી અંતિમ ચારમાં પહોંચી શકે છે પરંતુ આ માટે તેને અન્ય ટીમોના પરિણામો પર આધાર રાખવો પડશે.

બાકીની બંને મેચ જીત્યા પછી મુંબઈ સીધું આગળ વધશે. જોકે એક હાર અને એક જીત તેને હજુ પણ તક આપશે, પરંતુ આ માટે અન્ય પરિણામો તેના પક્ષમાં હોવા જોઈએ. મુંબઈ (૧,૧૫૬) નેટ રન રેટ શ્રેષ્ઠ છે. દિલ્હીએ ગુજરાત, મુંબઈ અને પંજાબ સામે રમવાનું છે.બે જીતથી તેના ૧૭ પોઈન્ટ થશે. હાલમાં, પાંચ ટીમોના ૧૭ પોઈન્ટ હોવાની અપેક્ષા છે. આવી સ્થિતિમાં, ત્રણેય જીત દિલ્હીનું પ્લેઓફમાં સ્થાન નક્કી કરશે.

# સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ ભુજના એરબેઝ પર પહોંચ્યાઃ જવાનો સાથે કરી મુલાકાત



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રક્ષામંત્રી રાજનાથસિંહ આજે ગુજરાતમાં બે દિવસના પ્રવાસે આવ્યા છે. અહીં તેમણે ભુજના એરબેઝની મુલાકાત લીધી હતી, આ દરમિયાન તેમણે ભારત-પાકિસ્તાન સીમા ક્ષેત્રની પણ મુલાકાત લીધી હતી.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં ભારત-પાકિસ્તાન વચ્ચે તનાવ-સંઘર્ષ દરમિયાન પાકિસ્તાનની સેનાએ ડ્રોનનો ઉપયોગ કરીને ભુજને નિશાન બનાવ્યું હતું. જો કે ભારતના સુરક્ષા દળોએ પાકિસ્તાનના ડ્રોન હુમલાને નિષ્ફળ બનાવ્યા હતા.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ ઓપરેશન સિંદુરની સફળતા બાદ સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે તાજેતરમાં આદમપુર સ્થિત એરબેઝની મુલાકાત લઈ સૈનિકોને સંબોધીત કર્યા હતા અને કડક અંદાજમાં પાકિસ્તાનને ચેતવણી આપી હતી કે આતંકવાદ સામે ભારતની લક્ષ્મણ રેખા ખૂબ જ સ્પષ્ટ છે. હવે જો ફરીથી હુમલો કર્યો તો ભારત જવાબ આપશે.

આજે સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે ગુજરાતની યાત્રા દરમિયાન ભુજમાં એરબેઝ પર સૈનિકોની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન રાજનાથસિંહે ભારત-પાકિસ્તાન સીમા ક્ષેત્રની પણ મુલાકાત લીધી હતી.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ દરમિયાન પાકિસ્તાનની સેનાએ ગુજરાતમાં ભુજને નિશાન બનાવ્યું હતું. પાકિસ્તાની સેનાએ ભુજ પર ડ્રોન હુમલાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. ભારતીય ડિફેન્સ સીસ્ટમે આકાશમાં જ પાકિસ્તાનના ડ્રોનને તોડી પાડયા હતા.

ભુજની મુલાકાત દરમિયાન સંરક્ષણ મંત્રી રાજનાથે ક્ષેત્રમાં ભારતીય સશસ્ત્ર દળોની પરિચાલન તૈયારીઓનું મુલ્યાંકન કર્યું હતું. સંરક્ષણ મંત્રીએ આ તકે સૈનિકો સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં સૈનિકો-સેનાના અધિકારીઓ હાજર હતા.

સંરક્ષણ મંત્રીની ભુજની યાત્રા પાકિસ્તાન અને તેના સહયોગીઓને એક સ્પષ્ટ સંદેશ આપે છે કે, ભારતીય એરબેઝ પર પાકિસ્તાની ડ્રોન હુમલાની કોઈ અસર નથી પડી. કારણ કે બધા જ આકાશમાં નષ્ટ કરી દેવાયા હતા. પાકિસ્તાનને ઘણું નુકશાન ઉઠાવવું પડયું હતું.

# ફક્ત દોઢ ઈંચ વરસાદમાં રાજકોટ પાણી-પાણી...









**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં કમોસમી વરસાદથી લોકોને હાલાકી પડી રહી છે, કમોસમી વરસાદે મનપાના મોન્સૂન પ્લાનની પોલ ખોલી દીધી છે, પાણી દૂર થતા કાદવ - કીચડ પણ ઘરની અંદર આવી ગયા છે, ગવળીવાડ સહિતના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા છે જેના કારણે લોકોની સ્થિતિ કફોડી બની ગઈ છે, વોકળો તૂટી જતા પાણી નિકાલની ભયંકર સમસ્યા સર્જાઈ છે.

દિવસભર ઉકળાટ બાદ બપોર પછી રાજકોટ શહેરમાં અચાનક હવામાનનો મિજાજ બદલાયો હતો. શહેરમાં પવન સાથે ૪૫ મિનીટ સુધી કમોસમી વરસાદે તોફાની બેટીંગ કરતા દોઢ ઈંચ વરસાદમાં સદર બજારમાં આવેલ ગંચશીયાડમાં અનેક ઘરમાં પાણી ઘુસી ગયા હતા, સદર જાવાડ અને બિલવાસના અનેક મકાનોમાં ગંદા પાણી ઘુસ્યા હતા.

પોપટપરા નાળુ છલકાઈ ગયુ હતુ.૪૫ મિનિટ સુધી વરસાદ વરસતા પશ્ચિમ વિસ્તારમાં વરસાદી પાણી સૌથી વધારે ભરાયા હોવાની વાત સામે આવી છે.કમોસમી વરસાદ પડતા શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ, રૈયા ચોકડી, પોપટપરા નાલુ તેમજ જામનગર રોડ પર માધાપર ચોકડી પાસે ટ્રાફિક જામના દ્રશ્ય સર્જાયા હતા.

# હળવદની વડનગર સોસાયટીના રહેણાંકમાં ચાલતા જુગારધામ ઉપર ક્રાઇમ બ્રાંચની રેડ, ૬ પકડાયા,૧ વોન્ટેડ



**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ ટાઉનમાં આવેલ વડનગર સોસાયટીમાં રહેણાક મકાનમાં ચાલતા જુગારના અખાડા ઉપર મોરબી ક્રાઇમ બ્રાંચ ટીમ દ્વારા પૂર્વ બાતમીને આધારે રેઇડ કરતા જુગાર રમતા મકાન માલીક સહિત કુલ-૬ ઇસમોને રોકડા રૂપીયા-૭૮,૬૦૦/- ના મુદામાલ સાથે પકડી લેવામાં આવ્યા છે, દરોડા દરમિયાન જુગારધામમાં ભાગીદાર શખ્સ હાજર મળી ન આવતા તેને આ કેસમાં વોન્ટેડ જાહેર કરી, ક્રાઇમ બ્રાંચ ટીમે તમામ આરોપીઓ વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ગુનો નોંધાવી આગળની તપાસ ચલાવી છે.

મોરબી એલસીબી ટીમના ચંદુભાઇ કાણોતરા, શકિતસિંહ ઝાલા, દશરથસિંહ પરમાર, ભગીરથસિંહ ઝાલાને હકીકત મળેલ કે, પ્રવિણભાઇ ઉર્ફે પીટર લીંબાભાઇ રબારી રહે.હળવદ તથા હકાભાઇ કરમણભાઇ રબારી રહે.હળવદ વાળા બન્ને ભેગા મળી હકાભાઇ કરમણભાઇ રબારીના કબ્જા ભોગવટા વાળા હળવદ વડનગર સોસાયટીમાં આવેલ રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી, ગંજીપતા વડે પૈસાની હારજીતનો તીન પતીનો જુગાર રમી રમાડી જુગારનો અખાડો ચલાવે છે. જે હકિકત આધારે હળવદ વડનગર સોસાયટીમાં રહેણાંક મકાને રેઇડ કરતા, જુગાર રમી રહેલા પ્રવિણભાઇ ઉર્ફે પીટર લીંબાભાઇ કરોતરા ઉવ.૪૨ રહે.હળવદ જુના પોલીસ સ્ટેશન સામે, સુરેશભાઇ સીધાભાઈ ભદ્રેસીયા ઉવ.૩૬ રહે.હળવદ પંચમુખી ઢોરો, જયંતિભાઇ ખીમજીભાઇ ચાવડા ઉવ.૨૮ રહે. હળવદ કૃષ્ણનગર સોસાયટી, ચેતનભાઇ પ્રેમજીભાઇ કરોતરા ઉવ.૨૬ રહે.હળવદ જુના પોલીસ સ્ટેશન સામે, ભરતભાઇ રાઘવજીભાઇ કારોલીયા ઉવ.૪૯ રહે.હળવદ આનંદપાર્ક તથા અશ્વિનભાઇ રમેશભાઇ નિમ્બાર્ક ઉવ.૭૧ રહે.હળવદ ગ્રીનપાર્ક સોસાયટીને રોકડા રૂ. ૭૧,૬૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી લેવામાં આવ્યા હતા, રેઇડ દરમિયાન સહ આરોપી હકાભાઇ કરમણભાઇ રબારી રહે.હળવદ વડનગર સોસાયટી વાળો હાજર નહીં મળી આવતા તેને ફરાર દર્શાવી કુલ ૭ આરોપીઓ વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં જુગાર ધારા હેઠળ ગુનો નોંધવામાં આવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

# મોરબીમાં કર્નલ સોફિયા કુરેશી અંગે અપમાનજનક ટિપ્પણી કરનાર ભાજપના મંત્રીના નિવેદનને જીલ્લા કોંગ્રેસ પ્રમુખે વખોડ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મધ્યપ્રદેશના મંત્રી વિજય શાહ દ્વારા કર્નલ સોફિયા કુરેશી સામે કરાયેલી અશોભનીય ટિપ્પણી વિરુદ્ધ મોરબી જીલ્લાના કોંગ્રેસ પ્રમુખે વિરોધ નોંધાવ્યો છે. તેમણે ભાજપની તિરંગા યાત્રાને પાખંડ ગણાવતાં માંગ કરી છે કે દેશના વીર જવાનોનું અપમાન કરનાર મંત્રી વિજય શાહ વિરુદ્ધ તાત્કાલિક પગલાં લેવાં જોઈએ.

મોરબી ભારત દેશ પર તાજેતરમાં પાકિસ્તાન તરફથી થયેલા આતંકી હુમલા બાદ ‘‘ઓપરેશન સિંદુર‘‘ અંતર્ગત ભારતીય સેનાએ પાકિસ્તાનમાં ઘુસીને જવાબી કાર્યવાહી કરી હતી. આ ઓપરેશનમાં કર્નલ સોફિયા કુરેશી સહિતના અનેક વીર જવાનોની મુખ્ય ભૂમિકા રહી હતી. દેશ માટે જાનની પરવા કર્યા વિના ઓપરેશન સિંદુર પાર પાડવામાં આવ્યું હતું. ત્યારે આ દરમિયાન મધ્યપ્રદેશના મંત્રી વિજય શાહ દ્વારા કર્નલ સોફિયા કુરેશી વિશે અપમાનજનક અને અશોભનીય ટિપ્પણી કરવામાં આવી હતી. જેને લઈ મોરબી જીલ્લાના કોંગ્રેસ પ્રમુખે સત્તારૂઢ ભાજપ વિરુદ્ધ આકરા શબ્દોમાં આક્ષેપ કર્યો છે.

કોંગ્રેસ પ્રમુખ કિશોરભાઈ ચીખલીયાએ જણાવ્યું કે, એક તરફ ભાજપ દ્વારા દેશભરમાં તિરંગા યાત્રાઓ યોજાઈ રહી છે, તો બીજી તરફ દેશના વીર જવાનોને અપમાનિત કરનારને હટાવવાની કે નિંદા કરવા સામે કેમ કોઈ પગલાં લેવામાં આવતા નથી? ભારત દેશના વીર જવાનોને બીરદાવવાના બદલે તેમના વિરૂધ્ધ અશોભનીય ટીપ્પણી કરનાર ભારતીય જનતા પાર્ટીના મંત્રી વિજય શાહને હટાવવાના બદલે તિરંગા યાત્રા કાઢવી કેટલા અંશે વ્યાજબી છે. માટે ભારત દેશના વીર જવાનો વિરૂધ્ધ અશોભનીય ટીપ્પણી કરનાર ભારતીય જનતા પાર્ટીના મંત્રી વિજય શાહના નિવેદનને વખોડી કાઢવામાં આવ્યું છે.

# માળીયા(મી) લૂંટના ગુન્હામાં નાસતા ફરતો આરોપી ચોરેલા પાંચ મોટર સાયકલ સાથે પકડાયો



**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) પોલીસ ટીમે અમદાવાદ શહેરના વટવા પોલીસ મથકમાં નોંધાયેલ લૂંટના ગુનામાં નાસતા ફરતા આરોપીને માળીયા(મી) ટાઉનમાંથી ઝડપી લેવામાં આવ્યો છે, આ સાથે પોલીસે આ આરોપી પાસેથી અમદાવાદ તથા ગાંધીનગર શહેર વિસ્તારમાંથી ચોરી કરેલ પાંચ મોટરસાયકલ કબ્જે કરી આરોપી વિરુદ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

માળીયા(મી) પોલીસ મથક સર્વેલન્સ ટીમ પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન એ.એસ.આઇ વી.બી.બાબરીયા તથા પો.કોન્સ રાયમલભાઇ શીયારને સંયુક્તમાં ખાનગીરાહે હકીકત મળેલ કે, અમદાવાદ શહેર વટવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ લૂંટના ગુનામાં નાસતો ફરતો આરોપી ઇસુબભાઇ મુસાણી રહે-અમદાવાદ વાળો ચોરી કરેલા મોટર સાયકલ સાથે માળીયા(મી) વિસ્તારમા આટાફેરા કરે છે અને તેની પાસે લાલ કલરનુ બજાજ પલ્સર બાઇક છે. તેવી ચોક્કસ હકીકતના આધારે આરોપી ઇસુબભાઇ હબીબભાઇ મુસાણી ઉવ-૨૪ રહે-અમદાવાદ શાહીબાગ વાળો મળી આવતા જેની સઘન અને યુક્તી પ્રયુક્તીથી પુછપરછ કરતા, ઉપરોક્ત વટવા પોલીસ મથકના લુંટના ગુન્હાના કામે નાસતો ફરતો હોય અને પોતે અમદાવાદ શહેર ગાંધીધામ, જામનગર ખાતેથી જાહેર જગ્યાએ પાર્ક કરેલ મોટર સાયકલોની ચોરી કરેલની કબુલાત આપી હતી.

માળીયા(મી) પોલીસે પકડાયેલ આરોપી ઇસુબભાઇ મુસાણી પાસેથી હોન્ડા સાઇન બાઇક રજી નં-જીજે-૦૧-એકસડી-૬૮૨૨ (GJ-01-MW-3846), પલ્સર બાઇક રજી નં-જીજે-૩૬-એડી-૮૯૩૫ (GJ-01-PY-0818), ટી.વી.એસ બાઇક રજી. જીજે-૧૦-ડીએચ-૯૪૪૯, હોન્ડા સાઇન બાઇક રજી.નં. જીજે-૦૧-એકસડી-૬૮૨૨ (GJ-01-MW-3846), એકટીવા રજી.નં. જીજે-૧૨-સીકે-૦૪૩૬ એમ કુલ પાંચ મોટરસાયકલ કિ.રૂ. ૧.૮૫ લાખનો મુદામાલ મળી આવતા આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તજવીજ હાથ ધરી છે.

# મોરબી ક્રિકેટ સટ્ટાની ઉઘરાણી બાબતે યુવકનું અપહરણઃ ચાર શખ્સો સામે ફરિયાદ

ક્રિકેટ સટ્ટામાં રૂપિયા ૩ લાખનું દેવુ બતાવી તેની ઉઘરાણી સબબ ધમકી આપી અપહરણ કર્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં વિનાયક હોન્ડાના શો રૂમમાં નોકરી કરતા વંશભાઈ ઉભડીયાએ ચાર શખ્સો વિરુદ્ધ અપહરણ અને ધમકીની ફરિયાદ નોંધાવી છે. આરોપીઓએ યુવકને ક્રિકેટ સટ્ટામાં ફસાવી ૩ લાખ રૂપિયાના સોદા કરાવ્યા અને પૈસાની પઠાણી ઉઘરાણી કરી અપહરણ કરવામાં આવ્યું હતું.

મોરબીના ખેવારીયા ગામે રહેતા ૧૯ વર્ષીય વંશભાઈ મહેશભાઈ ઉભડીયાએ મોરબી પોલીસ સ્ટેશનમાં આરોપી શીવમ જારીયા, મહેશ ઉર્ફે રાહુલ ડાંગર, દિવ્યેશ રમેશભાઈ ડાંગર તથા એક અજાણ્યા શખ્સ તમામ રહે. ગજડી ગામ તા.ટંકારા વાળા વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેઓ શનાળા રોડ પર આવેલા વિનાયક હોન્ડા શોરૂમમાં નોકરી કરે છે. તેઓએ જણાવ્યું કે કેટલાક સમયથી શીવમભાઈ બાબુભાઈ જારીયા રહે.ગજડી તથા તેના મિત્ર મહેશ ઉર્ફે રાહુલ રામભાઈ ડાંગર રહે. ગજડી, તેમને ક્રિકેટ સટ્ટો રમવા માટે દબાણ કરતા હતા. આઇપીએલ ૨૦-૨૦ દરમ્યાન લાઇનગુરૂ એપ્લિકેશન થકી દરરોજના મેચના રન થાય કે નહીં એના સોદા વોટસએપ પર કરાવતા હતા. આ સોદામાં એક સમયે વંશભાઈને રૂ. ૧.૧૦ લાખ જીત્યા પણ શીવમભાઈએ વધુ રકમ જીતવા માટે મોટી રકમના સોદા કરવા દબાણ કર્યું હતું. જે બાદ વંશભાઈ ત્રણ લાખ રૂપિયા હરિ ગયાનું આરોપીઓએ જણાવ્યું હતું, અને આ રૂપિયા આપવા પડશે તે માટે ધમકીઓ આપતા હતા.

આ દરમિયાન ગઈકાલે તા.૧૫ મે ના રોજ સાંજના સમયે આરોપીઓએ વંશભાઈને કામધેનુ નજીકથી અટકાવી તેનો મોબાઇલ કબજે લઇ તેનું તેના જ એક્ટીવા મોપેડમાં અપહરણ કર્યું હતું, આરોપીઓએ એક્ટીવા ચલાવીને ચાચાપર, ખાનપર, ગજડી તરફ લઈ ગયા હતા. આ દરમ્યાન તેમના સગાંને ફોન કરીને અપહરણની જાણ કરવામાં આવી હતી. જે બાદ મોબાઇલ ફોનમાં પરીવારજનોના ફોન આવવાના ચાલુ થઈ જતા અંતે આરોપીઓએ વંશભાઈને મોરબી જેલ રોડ ઉપર જઈને મુક્ત કર્યો હતો. જે બાદ તુરંત વંશભાઈએ એ ડિવિઝન પોલીસ મથકમાં ચારેય આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ધમકી, અપહરણ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# હળવદ નજીક આઇસરમાં કતલખાને લઈ જવાતા ૨૧ અબોલ જીવને બચાવી લેતા ગૌરક્ષકો

## વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને ગૌ સંવર્ધન પરિષદના ગૌરક્ષકોની ટીમે બે આરોપીઓ સામે હળવદ પોલીસ મથકે એફઆઈઆર નોંધાવી





**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ ૧૫ મે ના રોજ વહેલી સવારે કચ્છથી આઇસર ટ્રકમાં અમદાવાદ કતલખાને લઈ જવામાં આવી રહેલા ૨૧ પાડા જીવોને પૂર્વ બાતમીને આધારે હળવદની સરા ચોકડી નજીકથી બચાવી લેવામાં આવ્યા હતા, આ સાથે આઇસર ચાલક સહિત બે આરોપીઓને હળવદ પોલીસ મથકમાં સોંપવામાં આવતા, પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે, જ્યારે તમામ અબોલ જીવોને હળવદ પાંજરાપોળ ખાતે મુકવામાં આવ્યા હતા.

મોરબી ગૌરક્ષક દળ, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને અખિલ વિશ્વ ગૌ સંવર્ધન પરિષદ દિલ્હી તથા ગુજરાત રાજ્યના ગૌરક્ષકોને ગઈકાલ તા.૧૫/૦૫ ના વહેલી સવારે ખાનગીરાહે મળેલી બાતમી મુજબ, કચ્છ જીલ્લાના નખત્રાણા હાજીપીર બાજુથી એક આઈસર ગાડી નંબર જીજે-૧૬-એવી-૧૫૯૯ માળીયા-હળવદ માર્ગે અમદાવાદ તરફ અબોલ જીવોને લઈ જતી હતી. ત્યારે ગૌરક્ષકોની ટીમ દ્વારા ઉપરોક્ત આઇસર ગાડીને હળવદના સરા ચોકડી પાસે રોકી તેમા ચેકિંગ કરતાં અંદરથી ૨૧ પાડા મળ્યા હતા, જેઓને ક્રૂરતાપૂર્વક બાંધવામાં આવેલ હોવાથી હલીચલી પણ શકતા ન હતા. આ દરમિયાન પકડાયેલ ગાડીના ચાલક પાસેથી પૂછપરછ કરતાં તેણે કબૂલ્યું કે આ જીવો કચ્છથી લઈ જઈને કતલ માટે અમદાવાદ પહોંચાડવાના હતા. ત્યારે મોરબી, લીંબડી, ધ્રાંગધ્રા, ચોટીલા અને હળવદના ગૌરક્ષકોએ ટીમ બનાવીને આ ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ કર્યું હતું.

પકડાયેલા ૨૧ જીવોને હળવદ પાંજરાપોળમાં સુરક્ષિત રીતે મુકવામાં આવ્યા છે. આ સમગ્ર મામલે આરોપી ગાડી અને બે વ્યક્તિઓ વિરુદ્ધ હળવદ પોલીસ મથકે અખિલ વિશ્વ ગૌ સંવર્ધન પરિષદ, વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળના પ્રતિનિધિઓ દ્વારા ફરિયાદ નોંધાવવ-ામાં આવી છે. આ ઓપરેશનની સફળતા સહયોગી ગૌરક્ષકોમાં મોરબી, લીંબડી, ધ્રાંગધ્રા, હળવદ, ચોટીલા તેમજ રાજકોટના ગૌરક્ષકોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

# હળવદના સુંદરગઢ ગામે નાનાભાઈએ કરેલ પ્રેમલગ્નનો ખાર રાખી મોટાભાઈનું અપહરણ કરી ઢોરમાર મારતા ચાર વિરુદ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના નવા સુંદરગઢ ગામે રહેતા યુવકે મોરબીની યુવતી સાથે પ્રેમલગ્ન કર્યા હોય, જે બાબતનો ખાર રાખી યુવતીના મોરબી સ્થિત કાકા સહિતના ચાર શખ્સોએ સુંદરગઢ ગામે યુવકના ઘરે જઈ તેના મોટાભાઈને ગાળો આપી લાકડાના ધોકા વડે માર મારી, ટાવેરા કારમાં જબરજસ્તી અપહરણ કરી મોરબી લઈ આવી ફરી ઢોર માર મારવામાં આવ્યો હતો, ત્યારે ભોગ બંબાર યુવકે હદરડી કરતા ચારેય ઈસમો કાર લઈને નાસી ગયા હતા.

મળતી માહિતી અનુસાર, માંડણભાઈ બેચરભાઈ ખાંભડીયા રહે. નવા સુંદરગઢ તા. હળવદ વાળાએ હળવદ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેમના નાના ભાઈ વિષ્ણુભાઈએ મોરબીની સપના મોરવડીયા સાથે લગ્ન કર્યા હતા, જે બાબતે ગઈકાલ તા.૧૫ મેના રોજ બપોરે તેમનાં ઘરે તેઓની માતા, ભાભીઓ સાથે હાજર હતા ત્યારે ઘરની બહાર ટવેરા ગાડીમાંથી તેમના નામે કોઈ બુમો પાડતા તેઓ ઘર બહાર નિકળ્યા હતા. ત્યાં સપનાના કાકા રાકેશભાઈ મોરવડીયા, શૈલેષભાઈ માલાસણા, સંદીપભાઈ તથા નિલેશભાઈ અગેચાણીયા રહે. તમામ મોરબી વીસીપરા વાળા ઉભા હતા. ત્યારે રાકેશે નાનાભાઈ વિષ્ણુ વિશે પૂછતા માંડણભાઈએ કહ્યું કે, તે ક્યાં છે મને નથી ખબર જેથી એકદમ ઉશ્કેરાઈ ચારેય આરોપીઓએ માંડણભાઈને ગાળો આપી લાકડાના ધોકા વડે માર મારવાનું ચાલુ કર્યું હતું. બાદમાં ચારેય આરોપીઓએ માંડણભાઈને બળજબરીપૂર્વક ટવેરા ગાડી રજી.નં. જીજે-૦૩-ઈસી-૪૬૬૯ માં બેસાડી મોરબી લઈ ગયા અને વીશીપરા વિસ્તારમાં એક જગ્યાએ લઈ જઈ ગાડીમાંથી ઉતારીને ફરીવાર લાકડાના ધોકાના ઘા માર્યા હતા. ત્યારે માંડણભાઈ દ્વારા રાડા રાડી કરતા તેમને ધમકી આપી ચારેય આરોપીઓ ટવેરા લઈને નાસી ગયા હતા. જે બાદ માંડણભાઈ મોરબી સરકારી હોસ્પીટલમાં સારવાર માટે આવ્યા હતા, જ્યાં તેમને કપાળ પર ટાંકા અને શરીરે ઈજાઓની પ્રાથમિક સારવાર લીધા બાદમાં હળવદ પોલીસ સ્ટેશનમાં ચારેય શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર ચોરાઉ મોટર સાયકલ સાથે બાઇક ચોરને પકડી લેતી સીટી પોલીસ ટીમ



**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેર સીટી પોલીસ ટીમ દ્વારા કુવાડવા રોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાથી મોટરસાઈકલ ચોરી કરનાર મૂળ મોરબીના વતની એવા બાઇક ચોરને પકડી લઈ આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાજનેર સીટી પોલીસ મથક પીઆઇ એચ.એ.જાડેજાની સૂચના અને માર્ગદર્શન હેઠળ સીટી પોલીસ ટીમ પેટ્રોલીંગમા હોઇ દરમ્યાન વિરેન્દ્રસિંહ હરભમજી ઝાલા તથા વિશ્વરાજસિંહ પ્રવીણસિંહ ઝાલાને સયુકત બાતમીને આધારે એક ઈસમને નંબર પ્લેટ વગરના મોટર સાયકલ સાથે પકડી લેવામાં આવ્યો હતો, ત્યારે મોટર સાયકલના ચેસીસ, એન્જીન નંબર પોકેટકોપની મદદથી વાહન સર્ચ કરી તેમજ શંકાસ્પદ ઈસમની સઘન પુપરછ કરતા, આ મોટર સાયકલ નવાગામ આનંદપર તા-જી-રાજકોટ ખાતેથી ચોરી કરેલ હોવાની કબુલાત આપતા તુરંત આરોપી સોયબ અયુબભાઇ બ્લોચ હાલરહે.પચ્ચીસ વારીયા ગેબનશા પીરની દરગાહ પાસે વાંકાનેર, મુળરહે-મકરાણીપરૂ સબજેલ પાછળ મોરબી વાળા પાસેથી ચોરીનું મોટર સાયકલ કબ્જે કરી તેની વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સમાચાર સંક્ષીપતમાં

### મોરબીના શાપર ગામની સીમમાં ઇંગ્લીશ દારૂની ૧૫ બોટલ સાથે એક પકડાયો

મોરબી તાલુકાના સાપર ગામ નજીક પાવડીયાળી કેનાલ બાજુમાં પ્લાસ્ટિકના બાચકા સાથે શંકાસ્પદ હાલતમાં ઉભેલ આરોપી ભાવેશભાઈ વિષ્ણુભાઈ વિરમગામા ઉવ.૨૩ ને તાલુકા પોલીસે રોકી તેની તલાસી લેતા, પ્લાસ્ટિકના બાચકામાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૧૫ બોટલ કિ.રૂ. ૭,૮૭૮/-મળી આવતા, તુરંત આરોપીની સ્થળ ઉલરથી અટકાયત કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### મોરબીના પીપળીમાં રહેણાંકમાં વિદેશી દારૂનો વેપલો કરતા એક ઝડપાયો, પોલીસે ૧૩ બોટલ કબ્જે લીધી

મોરબી તાલુકા પોલીસ ટીમે પીપળી ગામે શિવપાર્ક સોસોયટીના રહેણાંક મકાનમાં રેઇડ કરી વિદેશી દારૂની ૧૩ બોટલ કિ.રૂ.૧૦,૧૯૮/- સાથે આરોપી દર્શન ઉર્ફે લાલો કનુભાઇ વરાળીયા ઉવ.૩૧ રહે હાલ શિવપાર્ક - ૨ પીપળી રોડ, મુળ રહે હળદર તા.જી.બોટાદ વાળાની સ્થળ ઉપરથી ધરપકડ કરી તેની વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ ચલાવી છે.

### મોરબીમાં પ્રસૃતિ બાદ મહિલાએ સારવાર દરમિયાન સરકારી હોસ્પીટલ ખાતે દમ તોડ્યો

મોરબી તાલુકાના ઉંચી માંડલ ગામે સીરામીક ફેક્ટરીમાં કામ કરતી મહિલાએ સરકારી હોસ્પિટલમાં પુત્રને જન્મ આપ્યા બાદ બીજે દિવસે મહિલાનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે મૃત્યુના બનાવ અંગે પોલીસે અ.મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે. મોરબી તાલુકાના ઉંચી માંડલ ખાતે આવેલ રોક ગ્રેનાઇટો સીરામીકની કોલોનીમાં રહેતી અને મૂળ ઓરિસ્સા રાજ્યના બાલેશ્વર જીલ્લાના નારણપુર પંચાયતના સતખલિયા ગામની રહેવાસી જમુનાબેન રામા હોકંદા ઉવ.૩૮ એ ગત તા. ૧૪/૦૫ના રોજ પ્રસૃતિના દુખાવા સાથે મોરબી સરકારી હોસ્પિટલમાં દાખલ થયેલી. ત્યારે સરકારી હોસ્પિટલમાં તેમની નોર્મલ ડિલિવરી દ્વારા પુત્ર જન્મ્યો હતો. જોકે, ગઈકાલ તા. ૧૫/૦૫ના સવારે ૦૫:૫૭ કલાકે સારવાર દરમ્યાન જમુનાબેનનું મોત થયું હતું. હાલ તાલુકા પોલીસે ફરજ પર હાજર ડોક્ટર પાસે પ્રાથમિક વિગતો મેળવી મૃત્યુના બનાવ અંગે અ. મોતની નોંધ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### મોરબીના બેલા ગામે શ્રમિકે ગળેફાંસો ખાઈ કર્યો આપઘાત

મોરબી તાલુકાના બેલા ગામની સીમમાં આવેલ લાસાસેરા સીરામીકના લેબર ક્વાર્ટરમાં ૧૮ વર્ષીય સીરામીક શ્રમિકે કોઈ અકળ કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. મોરબી તાલુકાના બેલા ગામે લાસાસેરા સીરામીકની લેબર કોલોનીના રૂમ નં. ૧૧ માં રહેતા મૂળ દાહોદ જીલ્લાના વરસડા ઇટાવા ગામના વતની મેહુલકુમાર અર્જુનભાઈ બામણીયા નામના ૧૮ વર્ષીય યુવકે કોઈ અગમ્ય કારણોસર પોતાની રૂમમાં ગળેફાસો ખાઈ લઈને આપઘાત કરી લેતા, મેહુલભાઈનું મૃત્યુ નીપજ્યું હતુ. મૃત્યુના બનાવ અંગે તાલુકા પોલીસે અ. મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

### વાંકાનેરના રંગપર ગામે કારખાનામાં કામ દરમ્યાન ઈલેક્ટ્રિક શૉટ લાગતાં ૨૦ વર્ષીય યુવકનું મોત

વાંકાનેર તાલુકાના રંગપર ગામના એકજીમીસ ગ્રીનફિલ્ડ નામના કારખાનામાં કામ કરતાં યુવાનને વહેલી સવારે ઇલેક્ટ્રિક શૉર્ટ લાગતાં તેને બેભાન હાલતમાં કુવાડવા ખાતે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના ડોકટરે તેને મૃત જાહેર કર્યો હતો. મળતી વિગતો મુજબ મરણ પામનાર નવઘણભાઈ દિનેશભાઈ જમોડ ઉવ.૨૦ રહે. સાપર તા. ચોટીલા જી. સુરેન્દ્રનગર તા. ૧૫/૦૫ના રોજ રંગપર ગામના એકજીમીસ ગ્રીન ફિલ્ડ પ્રા. લિ. કંપનીમાં કામ ઉપર હોય તે દરમિયાન વહેલી સવારે અંદાજે પોણા પાંચ વાગ્યાના સમયે કામ દરમિયાન તેને વીજશોક લાગ્યો હતો. જેથી તાત્કાલિક સારવાર અર્થે નવઘણભાઈને કુવાડવા ગામ સ્થિત ખાનગી હોસ્પિટલમાં લઈ જતા, ફરજ પરના ડોકટરે જોઈ તપાસી નવઘણભાઈને જાહેર કરતા, જે બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે અ.મોત રજીસ્ટર કરી આગળની તજવીજ શરૂ કરી છે.

### મોરબી રણછોડનગર જલારામ એપાર્ટમેન્ટમાં બુટલેગરના રહેણાંકમાંથી વિદેશી દારૂની ૪૮ બોટલ ઝડપાઇ

મોરબી સીટી બી ડિવિઝન પોલીસે મળેલ બાતમીને આધારે સેન્ટમેરી સ્કૂલ પાછળ જલારામ એપાર્ટમેન્ટમાં બુટલેગરના રહેણાંકમાં રેઇડ કરતા, વિદેશી દારૂની ૪૮ બોટલ ઝડપી લેવામાં આવી હતી, દરોડા દરમિયાન આરોપી સ્થળ ઉપર હાજર મળી ન આવતા, તેને ફરાર દર્શાવી બી ડિવિઝન પોલીસ મથકમાં આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી વિગતો અનુસાર, મોરબી શહેરના રણછોડનગર વિસ્તારમાં જલારામ એપાર્ટમેન્ટના પહેલા માળે રહેતા સાગર પલાણે પોતાના રહેણાંકમાં વિદેશી દારૂનો જથ્થો રાખ્યો હોવાની બાતમીને આધારે બી ડિવિઝન પોલીસે ઉપરોક્ત રહેણાંકમાં રેઇડ કરી હતી, રેઇડ દરમિયાન પોલીસે સ્થળ ઉપરથી વિદેશી દારૂની અલગ અલગ બે બ્રાન્ડની ૪૮ નંગ બોટલ કિ.રૂ.૬૪,૮૦૦/-મળી આવી હતી, જ્યારે આરોપી સાગરભાઈ કાંતિભાઈ પલાણ દરોડા દરમિયાન હાજર નહિ મળી આવતા, પોલીસે વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરી, ફરાર આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ગુજરાતના ૬૪ જળાશયોનું પાણી પીવાલાયક

**રાજ્યમાં ૧૪,૮૯૫ MCFT પાણીની જરૂરીયાત સામે ૨.૨૩ લાખ MCFT જથ્થો ઉપલબ્ધ**



## ઉનાળામાં દરેક ગામડાને પીવા માટેનું પૂરતું પાણી પહોંચાડવા માટે રાજ્ય સરકારનું સુદ્રઢ આયોજનઃ મંત્રી ઋષિકેશ પટેલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતા હેઠળ મળેલી રાજ્યમંત્રી મંડળની બેઠકમાં ગુજરાતમાં પીવાના પાણીની ઉપલબ્ધતા અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ એ આ સંદર્ભે માહિતી આપતા જણાવ્યું હતું કે, ઉનાળાની સિઝન દરમિયાન ગુજરાતના નાગરિકોને પીવા માટેનું શુદ્ધ અને પર્યાપ્ત પાણી ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં ઉમેર્યું હતું કે, રાજ્યમાં કુલ ૬૪ જળાશયોનું પાણી પીવાના ઉપયોગ માટે આરક્ષિત કરવામાં આવ્યું છે.


જ્યારે, હાલની સ્થિતિએ રાજ્યમાં પીવા માટેના ૧૪,૮૯૫ MCFT પાણીની જરૂરીયાત સામે આ જળાશયોમાં કુલ ૨,૨૩,૪૩૬ MCFT પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. આ ઉપરાંત હાલની સ્થિતિએ રાજ્યના સરદાર સરોવર ડેમ સહિતના કુલ ૨૦૭ જળાશયોમાં પણ કુલ ૪,૩૯,૧૨૯ MCFT જેટલું પાણી સંગ્રહિત છે, જે ગત વર્ષની સરખામણીએ લગભગ ૬ ટકા જેટલું વધુ છે.

વધુ વિગતો આપતા પ્રવક્તા મંત્રીએ કહ્યું હતું કે, હાલમાં રાજ્યના ૧૫,૭૨૦ ગામોને સરફેસ સોર્સ આધારીત જુથ યોજનાઓ દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. જ્યારે, બાકીના ૨,૪૩૨ ગામો ભૂગર્ભ જળ આધારીત યોજનાઓથી પીવા માટેનું પાણી મેળવી રહ્યા છે. આ ગામોને પણ જુથ યોજનામાં આવરી લેવા માટેના કામો હાલ પ્રગતિ હેઠળ છે. આમ, રાજ્યના તમામ ૧૮,૧૫૨ ગામોને પર્યાપ્ત માત્રામાં પીવાનું પાણી મળી રહ્યું છે.

પીવાના પાણી માટે ઉપયોગમાં લેવાતા મોટા ભાગના ડેમોમાં ૧૫ જુલાઇ, ૨૦૨૫ સુધી પીવાના પાણીનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યના દરેક જળાશયમાં પીવાના પાણી માટેનો જથ્થો અનામત રાખ્યા બાદ બાકીના પાણીના જથ્થાનો વપરાશ સિંચાઇ માટે કરવામાં આવે છે, તેમ મંત્રી ઋષિકેશ પટેલે ઉમેર્યું હતું.

# કમોસમી વરસાદ માવઠાથી કેરીની આવકમાં સરેરાશ ૨૦ ટકા નુકસાન

## કેસર કેરીની આવક ચિક્કારઃ ડેમેજ માલનો નિકાલ થઈ ગયો હવે રેગ્યુલર આવક



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે પવન પડેલા કમોસમી વરસાદ ના કારણે મોટું નુકસાન થયું છે. જેની સૌથી વધુ અસર કેરીની આવકમાં જોવામાં મળી છે. જેને પગલે આવકમાં ઘટાડો થયો છે.

રાજકોટ માર્કેટ યાર્ડના વેપારી એ જણાવ્યું કે, કમોસમી વરસાદ અને માવઠ ના કારણે કેરીની આવકમા સરેરાશ ૨૦ થી ૩૦ ટકા જેટલું નુકસાન થયું છે. જોકે હાલ માર્કેટમાં હાફૂસની સિઝન પૂરી થવા આરે છે. અને કેસર કેરીની મબલખ આવક થઈ રહી છે. રાજકોટમાં કેસર કેરીના ૨૦૦૦૦ બોક્સ યાર્ડમાં ઠરાવાય છે અને માલનો પણ નિકાલ થઈ જાય છે. હવે કેસર કેરી ની આવક રેગ્યુલર શરૂ થઈ ચૂકી છે.

રાજકોટ સહિત અનેક તાલુકાઓમાં ભારે વરસાદ પડ્યો હતો. જેને કારણે કેરીના પાકને ભારે નુકસાન થયું છે. ખાસ કરીને કચ્છ જિલ્લાના નખત્રાણા, રાપર અને માંડવી તાલુકાઓમાં આ અસર વધુ જોવા મળી છે. આંબાના વૃક્ષો પરથી અર્ધપક્વ કેરીઓ જમીન પર પડી ગઈ છે.

કેટલીક જગ્યાએ વૃક્ષો પણ ઉખડી ગયા છે. આ વર્ષે કેરીના પાકમાં પહેલેથી જ ૪૦ ટકા ઘટાડો નોંધાયો હતો, અને હાલના કમોસમી વરસાદના કારણે વધુ ૨૦ ટકા નુકસાન થયું છે. હાલ માર્કેટમાં યાર્ડમાં આવતી કેરીમાં ૩૦ ટકા બગડેલો માલ હોય છે જેને કારણે વેપારીઓને નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

કેસર કેરી વલસાડ,ગીર - તાલાલા થી આવી રહી છે. હવે માત્ર ૧૦ ટકા જ હાફૂસ કેરીની આવક થઈ રહી છે. જે ટૂંક સમયમાં બંધ થઈ જશે. યાર્ડમાં કેસર કેરી ના ૧૦ કિલોના ભાવ રૂ ૭૦૦ થી ૧૦૦૦ સુધીના બોલાય છે.

# આજી-ન્યારી ડેમમાં સૌની યોજનાનું પાણી ફરી શરૂ કરો

### બિલ ૧૯૦ કરોડને વટાવી ગયુંઃ સરકારે ૨૫૦૦ પૈકી ૧૬૦૮ એમસીએફટી જથ્થો જ આપ્યો છે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચાલુ વર્ષે પૂરા દેશમાં ચોમાસુ વહેલુ બેસવાની ધારણા છે ત્યારે દર વર્ષની જેમ રાજકોટની પ્રજાને રોજ પીવાનું પાણી મળતું રહે તે માટે ફરી એક વખત સરકાર પાસે સૌની યોજના હેઠળ પાણી માંગવામાં આવ્યું છે. મહાપાલિકાએ સૌની યોજના વિભાગના કાર્યપાલક ઇજનેરને પત્ર લખી આજી અને ન્યારી ડેમમાં જુનના પ્રથમ સપ્તાહથી માંગણી મુજબ બાકી રહેતું પાણી આપવા રજુઆત કરી છે.

બીજી તરફ આટલા વર્ષોનું સૌની યોજના સહિત નર્મદા નીરનું રાજકોટ મહાપાલિકા પરનું પાણીનું બીલ ૧૯૦ કરોડને વટાવી ગયાનું વિભાગમાંથી જાણવા મળ્યું છે.

મનપા વોટર મેનેજમેન્ટ યુનિટના એડી. સીટી ઇજનેરે આ પત્રમાં જણાવ્યું છે કે આજી-૧ જળાશયમાં તબકકાવાર ૧૮૦૦ અને ન્યારી-૧માં ૭૦૦ મળી કુલ ૨૫૦૦ એમસીએફટી પાણીની માંગણી કરવામાં આવી હતી. આ પૈકી આજ સુધીમાં આજી-૧માં ૮૩૬ અને ન્યારી-૧માં ૭૭૨ એમસીએફટી પાણી મળ્યું છે. ૨૫૦૦ પૈકી કુલ ૧૬૦૮ એમસીએફટી જથ્થો સૌની યોજના દ્વારા આપવામાં આવ્યો છે.

આજી ડેમનું હાલનું લેવલ ૨૨.૯૦ ફુટ (કુલ ૨૯ ફુટ) અને ઉપલબ્ધ જળજથ્થો ૫૪૫ એમસીએફટી છે. જયારે ન્યારી-૧ ડેમનું હાલનું લેવલ ૧૮.૭૦ ફુટ (કુલ ૨૫ ફુટ) અને ઉપલબ્ધ જથ્થો ૬૩૮ એમસીએફટી છે. આથી આ બંને ડેમમાં જુનના પ્રથમ સપ્તાહથી પાણી આપવા રજૂઆત કરાઇ છે.

શહેરની ૧૮ લાખ જેટલી વસ્તીને દરરોજ ૨૦ મીનીટ પીવાનું પાણી વિતરણ કરવા માટે ૪૦૦ એમએલડી પાણીની જરૂરિયાત રહે છે. જેના માટે આજી-૧, ન્યારી-૧ તેમજ બેડી ખાતેથી પાઇપલાઇન મારફત નર્મદાનીર અને ભાદર ડેમમાંથી પાણી ઉપાડી પુરુ પાડવામાં આવી રહ્યું છે. દર વર્ષની માફક એપ્રિલ માસ બાદ આજી અને ન્યારી ડેમમાં પાણીનું લેવલ નીચે ઉતરી રહ્યું છે. તડકા અને ગરમીનો ફરી મોટો રાઉન્ડ શરૂ થયો છે.

થોડા સમય પહેલા કેનાલ રીપેરીંગની વાતો વચ્ચે જળાશયોમાં સૌની યોજનાનું પાણી ઠલવવામાં આવ્યું હતું. પરંતુ હવે આજી અને ન્યારી ડેમમાં ફરી ચોમાસા પૂર્વે પાણીની જરૂર પડશે. રાજકોટમાં જુનના મધ્ય બાદ વરસાદ શરૂ થાય છે અને જળાશયોમાં પાણી પણ થોડા સમય બાદ આવે છે.

આથી અગાઉ નર્મદા નીર ચાલુ હતા જે હાલમાં બંધ હોય વધુ પાણી ઠલવવા માટે તા. ૧ જૂનથી સૌની યોજના લીંક-૩ મારફતે બન્ને ડેમમાં નર્મદાનીર ઠલવવામાં આવશે તેમ વોટરવર્કસ વિભાગમાંથી જાણવા મળેલ છે.

શહેરની પાણી વિતરણ વ્યવસ્થા જાળવવા માટે સમયસર સૌની યોજનાના પાણીની જરૂર રહે છે. વર્ષમાં ત્રણેક વખત સૌની યોજના હેઠળ નર્મદા યોજનાનું પાણી માંગવામાં આવે છે. એક રીતે હવે વિશાળ વિસ્તારના લોકોને રોજ ૨૦ મીનીટ પાણી આપવા સૌની યોજનાનું પાણી જ મુખ્ય આધાર બન્યું છે.

બીજી તરફ સરકાર કડક ઉઘરાણી ન કરતી હોવા છતાં નર્મદા યોજનાના પાણીનું બીલ તો ચોકકસ મોકલે જ છે. અત્યાર સુધીનું કુલ પાણી બીલ ૧૯૦ કરોડને વટાવી ગયું છે. જોકે હાલ કોર્પો. મહિનાના અંત સુધીમાં નવું પાણી મળતું થઇ જાય તેની રાહમાં છે.

દરમ્યાન ઇસ્ટ ઝોન કચેરી દ્વારા વોર્ડ નં.૪, ૫, ૧૫, ૬, ૧૬ અને ૧૮માં દૈનિક ૧૨ હજાર લિટરના ૫ અને ૫ હજાર લિટરના ૧૬૭ ટેન્કરના ફેરા દ્વારા પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે અને દરરોજ ૧૨૦૦૦ લોકોને ૮.૯૫ લાખ લિટર પાણી વિતરણ કરાઇ રહ્યું છે.

તેવી જ રીતે સેન્ટ્રલ ઝોન દ્વારા વોર્ડ નં.૩માં આવેલી સોસાયટીઓમાં એકાંતરા ૧૦ હજાર લિટરના ૬૦ ટેન્કરના ફેરા અને ૫૦૦૦ લિટરના ૧૩૦ ટેન્કરના ફેરા દ્વારા સવા ડઝનથી વધુ સોસાયટીમાં પાણી વિતરણ કરવામાં આવે છે.

સેન્ટ્રલ ઝોનમાં માથાદીઠ ૭૫ લિટર પાણી ગણીએ તો લગભગ એકાંતરા ૮૪૦૦ લોકોને ૧૨.૫૦ લાખ લિટર પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે. પાઇપલાઇન વિહોણા વિસ્તારોમાં હજુ આ રીતે વાહનોથી પાણી પુરૂ પાડવું પડે છે.

# ડાક વિભાગ દ્વારા લેખનનો આનંદ, ડિજિટલ યુગમાં પત્રોનું મહત્વ વિષય પર રાષ્ટ્રીય પત્રલેખન સ્પર્ધા યોજાઈ

### 'ઢાઈ આખર' રાષ્ટ્રીય પત્રલેખન સ્પર્ધાના વિજેતાને રાજકોટ પોસ્ટમાસ્ટર જનરલ દ્વારા સન્માનિત કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતીય ડાક વિભાગ દ્વારા આયોજિત ઢાઈ આખર રાષ્ટ્રીય પત્રલેખન સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં વિજેતાઓને ડાક વિભાગના અધિકારીઓ દ્વારા સન્માનિત કરાયા હતા.

પત્રો આપણા હ્રદયમાં એક ખાસ સ્થાન ધરાવે છે. કારણ કે, તે પોતાની સાથે યાદો, આત્મીયતા અને સંવેદના લઈને આવે છે. જે ટેક્સ્ટ સંદેશાઓ કે ઇ મેઇલ્સમાં જોવા મળતા નથી. આમ, 'ઢાઈ આખર' ઝુંબેશ ફક્ત પત્ર લખવાની કળાનો ઉત્સવ નથી, પરંતુ દેશભરના વ્યક્તિઓને અર્થપૂર્ણ અને હ્રદયસ્પર્શી રીતે તેમના વિચારો, લાગણીઓ અને મંતવ્યો વ્યક્ત કરવાની તક પણ પૂરી પાડે છે તેમ ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર અને કચ્છ ક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલશ્રી કૃષ્ણ કુમાર યાદવે અમરેલી મુખ્ય પોસ્ટ ઓફિસ ખાતે જણાવ્યું હતુ.

ભારતીય ડાક વિભાગ દ્વારા આયોજિત ઢાઈ આખર રાષ્ટ્રીય પત્રલેખન સ્પર્ધામાં લિફાફા શ્રેણીમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરના વર્ગમાં અમરેલીના જયકુમાર વાઈ. ગોલને સમગ્ર ગુજરાત પરિમંડલમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત થતાં પોસ્ટમાસ્ટર જનરલે ૧૦ હજારનો ચેક અને પ્રમાણપત્ર સાથે સન્માનિત કર્યા હતા. વિજેતા જયકુમાર પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ., લાઠી ખાતે જુનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. આ અવસરે અમરેલી મંડળના અધિક્ષક શ્રી બી. એન. પટેલ હાજર રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ડાક વિભાગ દ્વારા લેખનનો આનંદ ડિજિટલ યુગમાં પત્રોનું મહત્વ વિષય પર આયોજિત 'ઢાઈ આખર' રાષ્ટ્રીય પત્રલેખન સ્પર્ધામાં ગુજરાત પરિમંડલના અંતરદેશીય પત્ર શ્રેણી (૧૮ વર્ષ સુધીના વર્ગ)માં સુરેન્દ્રનગરની વૈષ્ણવીબા બી. પરમારે પ્રથમ, હીરલ આર. ભૂસડિયાએ દ્વિતીય અને નડિયાદની કિંજલ એલ. બારિયાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ૧૮ વર્ષથી ઉપરના વર્ગમાં નવસારીની દિવ્યા સુરેશચંદ્ર પરમારે પ્રથમ, અમદાવાદના સલીમ હિંગોરાએ દ્વિતીય અને નવસારીની સાજી જોય ચક્કલિકલએ તૃતીય સ્થાન મેળવ્યું હતું. લિફાફા શ્રેણીમાં ૧૮ વર્ષ સુધીના વય વર્ગના વિજેતાઓમાં ખેડાના ક્રિશા પી. કાછિયા પટેલ પ્રથમ, નવસારીની વિદ્યા પી. ધીમ્મર દ્વિતીય અને ખુશ્બુ એન. મિસ્ત્રીએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જયારે ૧૮ વર્ષથી ઉપરની શ્રેણીમાં રાજકોટના સુરેન્દ્રસિંહ બૈરવાએ પ્રથમ, અમરેલીના જયકુમાર વાઈ. ગોલે દ્વિતીય અને ડાંગની વિભૂતિબેન જે. બિરારીએ તૃતીય સ્થાન મેળવ્યું.

# રાજકોટ જિલ્લામાં કમોસમી વરસાદની આગાહીને ધ્યાને લઈ ખેડૂત મિત્રોએ તકેદારી રાખવા અનુરોધ કરાયો

### હવામાન વિભાગ દ્વારા તા.૨૦ મે સુધી વરસાદની આગાહી કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હવામાન વિભાગ દ્વારા તા.૧૫ મે થી તા.૨૦ મે દરમિયાન રાજકોટ જિલ્લામાં છુટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરાઈ છે.

આવા સમયે પાકના રક્ષણ માટે નીચે મુજબના તકેદારીનાં પગલા લેવા જિલ્લાના ખેડુતોને અનુરોધ કરાયો છે.

જેમા કમોસમી વરસાદથી થતી પાક નુકસાનીથી બચવા માટે ખેડુતોના ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી, અથવા પ્લાસ્ટિક/તાડપત્રીથી યોગ્ય રીતે ઢાકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું, જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પુરતો ટાળવો, ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહી તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવાનો સમાવેશ થાય છે.

એ.પી.એમ.સી.માં વેપારી અને ખેડુત મિત્રોએ એ.પી.એમ.સી.માં અનાજ અને ખેતપેદાશો સુરક્ષિત રાખવા, એ.પી.એમ.સી.માં વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી અથવા સુરક્ષિત રાખવા પણ જણાવાયું છે.

આ અંગે વધુ જાણકારી માટે ગ્રામસેવક / વિસ્તરણ અધિકારી / તાલુકા અમલીકરણ અધિકારી / મદદનીશ ખેતી નિયામક(તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(તાલીમ), કેવીકે અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર - ૧૮૦૦૧૮૦૧૫૫૧ નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા આ અખબારી યાદીમાં જણાવાયું છે.

### ધોરણ-૧૦ પછી શું ?

# એ.વી.પી.ટી. ઇન્સ્ટિટ્યૂટ ખાતે એન્જિનિયરિંગ કોલેજમાં પ્રવેશ અંગે માર્ગદર્શક સૅમિનાર

## તા ૧૯ મે સોમવાર અને તા. ૨૬ મે સોમવારના સવારે ૧૧ વાગ્યે અવેરનેસ પ્રોગ્રામનું આયોજન વિનામૂલ્યે કરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ધોરણ-૧૦ પછી કારકિર્દી માટે ઘણા વિકલ્પો પૈકી ડિપ્લોમા એન્જિનિયરિંગ ક્ષેત્રે વિવિધ કોર્સમાં જોડાઈ સારી કારકિર્દી બનાવી શકાય છે. જેના માટે એડમિશન પ્રક્રિયા તેમજ મળવાપાત્ર સ્કોલરશીપ અંગે સરકારી ડિપ્લોમા એન્જિનિયરિંગ કોલેજ એ.વી. પારેખ ટેકિન્કલ ઇન્સ્ટિટ્યૂટ ખાતે એ.સી. પી.ડી.સી. કમિટીના સહયોગથી આગામી તા ૧૯ મે સોમવાર અને તા. ૨૬ મે સોમવારના રોજ સવારે ૧૧ વાગ્યે બે અવેરનેસ પ્રોગ્રામ નું આયોજન વિનામૂલ્યે કરવામાં આવેલુ છે.

જેમાં એ.સી. પી.ડી.સી. દ્વારા કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયામાં ડિપ્લોમા એન્જિનિયરિંગના એડમિશન માટે જરૂરી સંપૂર્ણ માહિતી જેવી કે ક્યા ડૉક્યુમેન્ટ જોશે ? ઓનલાઈન એડમિશન ફોર્મ કેમ ભરવું? તથા એ.વી.પી.ટી.આઈ રાજકોટ ખાતે ચાલતા અભ્યાસક્રમ જેવા કે કોમ્પ્યુટર (CE), ઇન્ફોર્મેશન & કોમ્યુનિકેશન ટેકનોલોજી (ICT), ઇલેક્ટ્રોનિક્સ & કોમ્યુનિકેશન (EC), ઇલેક્ટ્રિકલ (EE), રિન્યુએબલ એનર્જી (RE), બાયો-મેડીકલ (BIO), ઇન્સ્ટ્રુમેન્ટેશન અને કંટ્રોલ (IC), કોમ્પ્યુટર એઇડેડ કોસ્ચ્યુમ ડીઝાઇન એન્ડ ડ્રેસ મેકિંગ (CDDM) અને અન્ય વિવિધ એન્જીન્યરીંગ બ્રાંચમાં તકો અંગેની માહિતી ઉપરાંત ગુજરાત સરકારશ્રીની વિવિધ સ્કોલરશિપના માર્ગદર્શન તેમજ અન્ય પ્રશ્નોના સચોટ જવાબો નિષ્ણાતો પાસેથી મળી રહેશે.

આ સમગ્ર આયોજન દરમિયાન વિદ્યાર્થીઓ અને વાલીઓને સંપૂર્ણ માર્ગદર્શન સંસ્થાના આચાર્ય ડૉ. પરેશ કોટક અને નોડલ ઓફિસર પિયુષ દલસાણીયા અને અન્ય અનુભવી પ્રોફેસરો અને તજજ્ઞોની નિષ્ણાત ટીમ દ્વારા આપવામાં આવશે. આ સેમિનારનો લાભ લેવા એ વી પારેખ ટેકનિકલ ઇન્સ્ટીટયુટના સૅમિનાર હોલ, કોમ્પ્યુટર ડિપાર્ટમેન્ટ, હેમુ ગઢવી હોલ સામે, ટાગોર રોડ ખાતે ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા અનુરોધ કરાયો છે.

## જેતપુર(વિરપુર) આઇ.ટી.આઇ.ના વિવિધ કોર્સમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ

રાજકોટ તા. ૧૫ મે - ઓદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) જેતપુર(વિરપુર) ખાતે ભરતી સત્ર ઓગસ્ટ-૨૦૨૫માં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આઈ.ટી.આઈ.માં કોપા(કમ્પ્યુટર), ફિટર, વાયરમેન, ઈલેક્ટ્રિશીયન, સુઇંગ ટેકનેલૉજી (સીવણ), હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર, અને મિકેનીક ડીઝલ સહિતના કોર્સ ચલાવવામાં આવે છે. જેમાં ઈચ્છુક ઉમેદવારો તા ૩૦/૦૬/૨૦૨૫ સુધી આઈ.ટી.આઈ.ની itiadmission.gujarat.gov.in પરથી online ફોર્મ ભરી શકશે અથવા સરકારી આઈ.ટી.આઈ. જેતપુર (વિરપુર), પોલીસ સ્ટાફ ક્વાર્ટર સામે, માવતર વૃધ્ધાશ્રમની બાજુમાં, વીરપુર તા.જેતપુર ફોન નંબર-૦૨૮૨૩-૨૮૧૬૮૬ ખાતે સવારે ૯.૩૦થી ૫ કલાક દરમ્યાન રૂબરૂ સંપર્ક કરી શકશે. તેમ જેતપુર ઓદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યની યાદીમાં જણાવાયું છે.

## નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક તા.૧૬ મે ના રોજ યોજાશે

જિલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને રાજકોટ જિલ્લા/શહેર નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક તા.૧૬/૦૫/૨૦૨૫ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે કલેકટર કચેરી સભાખંડ ખાતે યોજાશે. સમિતિના તમામ સભ્યોએ આ બેઠકમાં સમયસર ઉપસ્થિત રહેવા જિલ્લા પુરવઠા અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

## મગની ટેકાના ભાવથી ખરીદી માટે ખેડૂતોને ઓનલાઈન નોંધણી કરાવવા સૂચના

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના ખેડુત મિત્રોને આર્થિક રક્ષણ અને તેમની ઉપજોના પોષણક્ષમ ભાવ મળી રહે, તે હેતુસર વર્ષ ૨૦૨૪-૨૫ ઉનાળુ મગ ટેકાના ભાવથી ખરીદવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેની ઓનલાઈન નોંધણી તા. ૨૫/૦૫/૨૦૨૫ સુધી કરવાની રહેશે. ખેડુતોએ ગ્રામ્ય કક્ષાએ VCE મારફતે તથા તાલુકા કક્ષાએ ખાતે નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર ઓનલાઇન નોંધણી કરાવવાની રહેશે. જે અન્વયે ગામનો નમૂનો ૮-અ, તલાટીનો વાવેતર અંગેનો દાખલો અથવા ૭/૧૨, આધાર કાર્ડની નકલ, બેન્ક પાસબુકના પ્રથમ પાનાની નકલ (IFSC કોડ સાથે) સાથે ઓનલાઈન નોંધણી કરવાની રહેશે. જિલ્લાના ખેડુત મિત્રોએ આ લાભ લેવા જિલ્લા પંચાયતના જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

## રાજકોટ જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક ૧૬ મેના યોજાશે

ગુજરાત સરકારની સૂચના મુજબ જિલ્લા કક્ષાની ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક દર માસના ત્રીજા શનિવારે યોજવામાં આવે છે. જે મુજબ રાજકોટ જિલ્લા કક્ષાની ફરિયાદ સહ સંકલન સમિતિની મે માસની બેઠક અગાઉ તા. ૧૭ મે, ૨૦૨૫ના રોજ યોજાનાર હતી, જે વહીવટી કારણોસર તા. ૧૬-૦૫-૨૦૨૫ના શુક્રવારના રોજ સવારે ૧૧૦૦ કલાકે જિલ્લા કલેક્ટર કચેરીના મુખ્ય સભા ખંડ ખાતે યોજવામાં આવશે, જેની સમિતિના સભ્યોએ નોંધ લેવા કલેક્ટર કચેરીની યાદીમાં જણાવાયું છે.

# સરગમ લેડીઝ કલબના ઉપક્રમે ફકત બહેનો માટે સમર ટ્રેનીંગ કલાસીસનો સમાપન સમારંભ યોજાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

તા. ૦૫/૦૫/૨૫ થી ૧૫/૦૫/૨૫ સુધી ૧૧ દિવસ કોટક સ્કૂલ મોટી ટાંકી ચોક સરગમ લેડીઝ ક્લબના ઉપક્રમે ફક્ત બહેનો માટે સમર ક્લાસીસ નો સમાપન સમારંભ યોજાયો. સમર ક્લાસમાં જે ટીચર્સ આવેલ કિંજલબેન પીઠડીયા, રાગીણીબેન રાય, ફોરમબેન ભીંડોરા, રાધિકાબેન મકવાણા, આરુષિબેન શાહ, રીનાબેન કાટ્રોડિયા, રિધ્ધીબેન મહેતા,નીતાબેન કામદાર, હેમાબેન ગઢીયા, અનીતાબેન ચૌહાણ આ તમામ બહેનો ને મહેમાનો દ્વારા આકર્ષણ સર્ટીફીકેટ તેમજ બાણ લેબ્સ કંપની દ્વારા મોમેન્ટો તેમજ ગીફ્ટ વાઉચર આપવામાં આવેલ અને ભાગ લેનાર તમામ બહેનો ને સર્ટીફીકેટ આવપામાં આવેલ.

આ સમર કેમ્પ માં અમોને ધ કો.ઓપ. બેંક ઓફ રાજકોટ લી. - બાન લેબ્સ કંપની - રાધિકા જવેલર્સ - મહાવીર સેવા ટ્રસ્ટ - જોહર કાર્ડ્સ - રાજકોટ કેળવણી મંડળ - કમલભાઈ ધામી - રાજદીપસિંહ જાડેજા નો સહયોગ મળેલ.

આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે ગુણવંતભાઈ ડેલાવાળા, ડો. ચંદાબેન શાહ, નીલુબેન શાહ, ડો. માલાબેન કુંડલિયા, જશુમતીબેન વસાણી, સુધાબેન ભાયા, ચેતનાબેન સવજાણી, ભાવનાબેન મહેતા, જયશ્રીબેન વ્યાસ, અલકાબેન કામદાર, ગીતાબેન હિરાણી, ડો. અલ્કાબેન ધામેલિયા, હેતલબેન થડેશ્વર, વૈશાલીબેન શાહ તેમજ લેડીઝ ક્લબના કમીટી મેમ્બરએ જહેમત ઉઠાવી.

# મંત્રી મનસુખભાઈ માંડવીયાના અધ્યક્ષસ્થાને જેતપુરના મેવાસા ખાતે યોજાનારા ત્રિવિધ કાર્યક્રમો

### જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તાલુકા કક્ષાનો સેવા સેતુ, દિવ્યાંગ સાધન સહાય વિતરણ તેમજ મેડિકલ કેમ્પ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાના પ્રશ્નોના નિવારણ તાલુકા કક્ષાએ આવી શકે તે માટે તા.૧૭ મે ૨૦૨૫ના રોજ શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો, રમત ગમત વિભાગના મંત્રી ડો.મનસુખભાઈ માંડવીયાના અધ્યક્ષસ્થાને રામ બાપાની જગ્યાની વાડી, મેવાસા, જેતપુર ખાતે સવારે ૯ થી ૫ વાગ્યા દરમિયાન તાલુકા કક્ષાનો સેવા સેતુ, દિવ્યાંગ સાધન સહાય વિતરણ અને મેડિકલ કેમ્પ યોજાશે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ઈ.એન.ટી, ગાયનેક, સ્કીન, ઓર્થોપેડિક, પીડિયાટ્રીશન જેવા નવ વિભાગના નિષ્ણાંત ડોક્ટરો દ્વારા વિવિધ રોગો અંગેના મેડિકલ કેમ્પ, દિવ્યાંગ સાધન સહાય અને સરકારના વિવિધ ૧૩ વિભાગોની સેવાઓ સેવા સેતુ કાર્યક્રમ દ્વારા નાગરિકોને આપવામાં આવશે. મેવાસા ખાતે આયોજિત આ કેમ્પમાં આસપાસના કેરાળી, લુણાગરા, પ્રેમગઢ, લુણાગરી, મેવાસા, રબારીકા, જાંબુડી, પાંચપીપળા, સરધારપુર, મોટા ગુંદાળા, મંડલીકપુર, પેઢલા અને જૂની સાંકળી ગામોને સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી તેમજ જેતપુરના ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા ઉપસ્થિત રહેશે તેમ જિલ્લા વહીવટી તંત્ર રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# કર્નલ સોફિયા મામલે વિવાદીત નિવેદન કરવા બદલ કોંગ્રેસ દ્વારા ભાજપના મંત્રી વિજય શાહના પોસ્ટર સળગાવાયા







તસવીર : આનંદ જાવીયા

### રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટર ચેતન સુરેજા સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ઓપરેશન સિંદૂર સાથે સંકળાયેલા કર્નલ સોફિયા વિશે વિવાદીત નિવેદન મામલે આજરોજ (૧૬ મે) રાજકોટમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓબીસી વિભાગના કાર્યકારી પ્રમુખ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી મહેશ રાજપૂતની આગેવાનીમાં ભારતીય જનતા પાર્ટીના મધ્યપ્રદેશ રાજ્યના મંત્રી વિજય શાહ અને રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટર ચેતન સુરેજા સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં વિજય શાહ ગદ્દાર છે, તેવા પોસ્ટરને જૂતા મારવામાં આવ્યા હતાં અને બાદમાં તેના ફોટાવાળા પોસ્ટર સળગાવવામાં આવ્યા હતા. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓબીસી વિભાગના કાર્યકારી પ્રમુખ મહેશ રાજપૂતે જણાવ્યુ હતું કે, સમગ્ર ભારતની જનતા જ્યારે દેશના વારિષ્ઠ સૈન્ય અધિકારી કર્નલ સોફિયા કુરેશીને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી રહી છે, ત્યારે ભાજપના મધ્યપ્રદેશ રાજ્યના મંત્રી વિજય શાહએ દેશની જાંબાજ દીકરી ઉપર અપમાનજનક શબ્દો ઉચ્ચાર્યા છે. ત્યારે મધ્યપ્રદેશ હાઈકોર્ટે પણ ફક્ત ૪ કલાકમાં એફ.આઇ.આર. નોંધવા અને ગુનો દાખલ કરવા હુકમ કર્યો છતાં ભાજપ સરકાર અને મોદી શા માટે મૌન છે?

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# થોરાળાનો નામચીન બુટલેગર અલ્તાફ ઉર્ફે છ આંગળી સાતમી વખત પાસામાં ધકેલાયો

### એસએમસીના અસામાજિક ઈસમોના લિસ્ટમાં હતો, રાજકોટ પીસીબીએ પકડીને અમદાવાદ જેલમાં ધકેલ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ અને સૌરાષ્ટ્રભરમાં વિદેશી દારૂ સપ્લાયનું નેટવર્ક ધરાવતો અને અનેક ગુનામાં સંડોવાઈને છ-છ વકત પાસા યાત્રા કરી ચૂકેલો થોરાળાનો નામચીન બુટલેગર અલ્તાફ ઉર્ફે છ આંગળી હનીફ થઈમ (ઉં.વ.૪૬) નહીં સુધરતા વધુ એક વખત રાજકોટ પીસીબી દ્વારા પાસા હેઠળ અમદાવાદ જેલમાં ધકેલી દેવાયો છે.

નામચીન અલ્તાફ ઉર્ફે છ આંગળી ડીજીપી દ્વારા ૧૦૦ કલાકમાં રાજ્યભરમાં અસામાજિક ઈસમો સામે લિસ્ટ તૈયાર કરી કાર્યવાહી કરવાના આદેશમાં રાજકોટનો અલ્તાફ ઉર્ફે છ આંગળી હનીફભાઈ થઈમ (રહે.વિજયનગર-૨, નવા થોરાળા) સ્ટેટ મોનિટરિંગ સેલના લિસ્ટમાં હતો. એસએમસીએ અલ્તાફની આજી વસાહત નજીકની એક મિલકતને ડિમોલિશનની યાદીમાં લીધી હતી. જો કે આ મિલકત તેના પરિવારજનના નામે હોવાના કારણે મિલકત પર બુલડોઝર ફર્યું ન હતું.



અલ્તાફ અગાઉ અર્ધો ડઝન વખત પાસામાં જઈ આવ્યો છે. અલ્તાફની ગુનાખોરી દારૂના ધંધાથી ચાલુ થઈ હતી. પ્રથમ વખત ૨૦૦૭માં પાસામાં ગોધરા જેલમાં ધકેલાયો હતો. એક વર્ષ બાદ ઘરફોડી, ચોરીના ગુનામાં મહેસાણામાં તથા ૨૦૦૯માં ફરી મારામારીમાં ડેન્જર પર્સન

તરીકે પાલનપુર જેલમાં ગયો હતો. ત્રણ વર્ષ શાંત રહ્યા બાદ ફરી પાસાયાત્રા ચાલુ થઈ ૨૦૧૨માં દારૂના ગુનામાં વડોદરા જેલ, બીજા વર્ષે ૨૦૧૩માં મારામારીના ગુનાઓમાં ભુજ જેલ અને ત્યારબાદ હથિયારના ગુનામાં સુરત જેલમાં પાસામાં પુરાયો હતો. છ-છ વખત પાસા કાપ્યા બાદ પણ 'હમ નહીં સુધરેંગે'ની જેમ ગુનાખોરી ચાલુ રાખતા વધુ એક વખત આજે અમદાવાદ જેલમાં મોકલી દેવાયો છે.

અલ્તાફ સામે વિદેશીદારૂની હેરાફેરી, લાખોનો દારૂ ઉતારવાના જ જુગારના, હથિયારના રાજકોટ, આટકોટ, ધ્રોલ, વાંકાનેર, ગોંડલ તાલુકા સહિત મળી ૨૫ ગુના નોંધા, ચૂક્યા છે. રાજકોટમાં રહેતા અલ્તાફને ચોક્કસ પોલીસકર્મીઓ સાથે પણ ઓળખ હોવાની ભારે ચર્ચા છે અને અગાઉ પકડાયેલા દારૂકાંડમાં ઘણાખરાની જિલ્લાફેર બદલીઓ પણ થઈ ચૂકી છે. પોલીસને પેટ ભરીને માલ આપતો હોવાના પણ આક્ષેપો છે અલ્તાફ સામે વધુ એક વખત પાસાનું વોરંટ ઈસ્યુ થતાં પીસીબીના પીઆઈ એમ.આર. ગોંડલિયા, એમ.જે. હુણ તથા સ્ટાફે અલ્તાફને પકડીને પાસાના વોરંટ આધારે અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપ્યો છે.

# કાલાવડ રોડ પર પતિ સાથે બાઈક પર જતા વૃધ્ધાના ગળામાંથી અઢી તોલા સોનાની માળાની ચિલઝડપ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ચિલઝડપના વધુ એક બનાવમાં રેસકોર્સ પાછળ સ્વાસ્તિક સોસાયટી શેરી નં.-૩માં રહેતા ૭૬ વર્ષી ય વૃધ્ધા લાભુબેન મનુભાઈ કોરીંગાના ગળા પર ઝોંટ મારી ૨૩ ગ્રામની પેન્ડલવાળી સોનાની માળાની ચિલઝડપ થયાની ફરિયાદ માલવિયાનગર પોલીસ મથકમાં નોંધાઈ છે.

ફરિયાદની વિગતો મુજબ વૃધ્ધા સવારે તેમના પતિ મનુભાઈ સાથે એકટીવા પર બેસી કાલાવડ રોડ પર કે.કે.વી. ચોક નજીક રહેતા ભત્રીજા કાંતિલાલને ત્યાં બેસવા જતા હતા. મહિલા કોલેજ અન્ડરબ્રિજ ઉપરથી થઈ ભવાની ગોલા પાસે પહોંચતા અચાનક જ ટુ વ્હીલર પર એક શખસ ધસી આવ્યો હતો અને વૃધ્ધાના ગળામાં ઝોંટ મારી ઓમવાળુ સોનાનું રોડિયમવાળુ પેન્ડલ અને ૨૩ ગ્રામની સોનાની માળા આંચકીને નાસી ગયો હતો. ચિલઝડપ થતાં વૃધ્ધાને નીચે ઉતારીને પતિ મનુભાઈએ બાઈક સવારનો પીછો કર્યો હતો. તેમનો પુત્ર પણ આવી જતા પિતા-પુત્રએ નજીકના વિસ્તારમાં બાઈક સવારને શોધ્યો હતો પણ હાથ લાગ્યો ન હતો. કાળા કલરનું ટીશર્ટ અને માથા પર ટોપી પહેરેલા નંબર પ્લેટ વિનાના બાઈક પર આવેલા શખસ સામે વૃધ્ધાએ ૧.૩૮ લાખની કિંમતની માળાની ચિલઝડપ થયાની પોલીસ ફરિયાદ નોંધાવી

# ખાનગી કોલેજમાં પોર્ન લાઈવ નિહાળતા પ્રોફેસરનો વીડિયો વાયરલ

### મહિલાની કામૂકતા જોવામાં મગ્ન પ્રોફેસરને ખ્યાલ ન્હોતો કે તેનું પણ સ્ટીંગ થઇ રહ્યું છે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોબાઈલ ફોન ક્યારેક કેવી મુસીબતમાં મૂકી દે તેનો પરચો રાજકોટની એક ખાનગી કોલેજ કે યુનિવર્સિટીના યુનિવર્સિટીના પ્રોફેસરને મળી ગયો. પ્રોફેસર પોતે તેની કોઈ પરિચિત મહિલાની કામૂકતા લાઈવ નિહાળતા હતા અને તેમનું જ કોઈએ સ્ટીંગ કરી નાખ્યાની શર્મનાક ઘટનાએ શિક્ષણ જગતમાં ભારે ચર્ચા જગાવી છે. અંતર્ગત સૂત્રોમાંથી જાણવા મળેલી માહિતી મુજબ એક માર્ગ પરથી બહુ મંજીલા બિલ્ડીંગ વાળી અને સમયાંતરે ચર્ચા કે વિવદમાં રહેતી એક ખાનગી કોલેજની બિલ્ડીંગ પરનાં એક ફલોર પર વેન્ટીલેશન વિન્ડો પાસે જ એક મહાસય (કહેવાય છેકે એ જ કોલેજના એક ડિપાર્ટમેન્ટના પ્રોફેસર) પોતાના મોબાઈલ ફોનમાં વીડિયો કોલ કરી ને એક મહિલા સાથે કામુકતા નીહાળવામાં મગ્ર હતા. સામે છેડે લાઈવમાં રહેલી મહિલા પોતાના ભદન પરથી એક પછી એક આવરણ (કપડા) હટાવતી જતી હતી અને એ પ્રોફેસર



પણ આ કામુક દ્રશ્યોમાં બંને આંખો અને ચિત મોબાઈલમાં જ પરોવીને મસ્ત બની ગયા હતા. મહિલાના પોર્ન દ્રશ્યો અને અંગોની અવનવી અંગળાઈઓ નીહાળી રહેલા એ પ્રોફેસરને ખ્યાલ ન્હોતો કે તેનું શુટીંગ પણ બિલ્ડીંગના અન્ય ફલોરની લોબી-બાલ્કનીમાંથી કોઈ લઈ રહ્યુ છે. કદતચ કોલેજના જ સ્ટુડન્ટ દ્વારા તેના મોબાઈલ ફોનને જુમ કરીને પ્રોફેસરનું સ્ટીંગ કરી લેવાયુ હતું. આ વીડિયો વાયરલ થયો છે. જેમાં પ્રોફેસર દ્રશ્યો નીહાળી રહ્યા છે અને ઉપર વિદ્યાર્થીઓ પણ ગુપચુપ કરી રહ્યા ના અવાજ સંભળાય છે. ઉંટ મરે તો પણ જેવી કોલેજના આ પ્રોફેસર છે કે કેમ વાયરલ વીડિયો, દ્રશ્યો ત્યાના છે કે કેમ ? તે બાબતે એવુ પણ મળી રહ્યું છે કે વાયરલ વીડિયોથી એ મહાસયને કોલેજમાંથી

# રીબડાના પટેલ યુવાનના આપઘાત પ્રકરણમાં જેલ હવાલે રહેલા બન્ને એડવોકેટ જામીન મુકત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચકચારી બનેલા રીબડાનાં અમીત ખુંટ આપઘાત પ્રકરણ માં જેલ હવાલે રહેલા બન્ને એડવોકેટ નાં અત્રેની કોર્ટ દ્વારા જામીન મંજુર થતા જેલ મુક્ત થયા હતા.રીબડાનાં અમીત ખુંટ આપઘાત ની ઘટનામાં એડવોકેટ ગોંડલ નાં દિનેશ પાતર તથા સંજય પંડીત ના જામીન અંગે અત્રેની એડી.સેસન્સ જજ ની કોર્ટ માં સુનવણી હાથ ધરાતા કોર્ટ દ્વારા બન્નેનાં જામીન મંજુર કર્યા હતા.સંજય પંડીત એડવોકેટ હોય જેલમાંથી વિડીયો કોન્ફરન્સ દ્વારા તેમણે દલીલ કરી હતી.ઉલ્લેખનીય કે અમીત ખુંટ ની સુસાઇડનોટ માં પુજા રાજગોર નો ઉલ્લેખ હોય પોલીસે તેની ધરપકડ કરી પુછપરછ કરતા પુજા રાજગોરે જણાવેલ કે એક વ્યકિતે પોતાની પાસે આવી જણાવેલ કે તમારે રીબડા ના અમીત ખુંટ સાથે સોશ્યલ મીડીયા નાં માધ્યમ થી મિત્રતા કેળવી તેની સાથે

શરીર સંબંધ બાંધી ખોટી બળાત્કાર ની ફરીયાદ કરવાની છે.તમારી લાઇફ બની જશે. ફરીયાદ નાં સમયે મારા વકીલો દિનેશ પાતર તથા સંજય પંડીત જેઓને તમામ વિગત ની ખબર છે.તેઓ શરૂઆત થી અંત સુધી તમારી સાથે રહેશે.તેઓ જે રીતે કહે તે રીતે તમારે ફરીયાદ લખાવવાની છે. પુજા રાજગોર ની કબુલાત બાદ પોલીસે બન્ને એડવોકેટ ની ધરપકડ કરી હતી.

# વૃદ્ધને ઠોકરે ચડાવી મોત નિપજાવનાર કારચાલકને પોલીસે 300 CCTV ચેક કરી પકડી પાડયો

### દોઢ માસ પહેલાની હિટ એન્ડ રનની ઘટનામાં પોલીસે આરટીઓ અને શોરૂમમાંથી માહિતી મંગાવી ભેદ ઉકેલ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જીવરાજ પાર્ક રીયલ રેજન્સી નજીક ગત તા. ૨૮/૩ ના રાત્રીના અજાણ્યા વાહને હડફેટે લેતા લક્ષ્મણભાઈ દેવજીભાઈ સોલંકી (ઉ.વ ૫૪) નામના પ્રૌઢનું મોત થયું હતું. જે અંગે મૃતકના પુત્રએ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ બનાવને લઈ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.એમ. હરીપરાની રાહબરી હેઠળ પીએસઆઇ એમ.એચ. મહારાજ તથા ટીમે તપાસ શરૂ કરી હતી. અકસ્માત સર્જના કારચાલકની શોધી કાઢવા અલગ અલગ ટીમો બનાવી કોન્સ્ટેબલ જયપાલસિંહ સરવૈયા, મહાવીરસિંહ જાડેજા દ્વારા નાના મવા સર્કલ તથા ભીમનગર સર્કલ સ્પીડવેલ પાર્ટી પ્લોટ ચોક, વગડ ચોક, રાદડિયા ચોક, પટેલ ચોક તથા નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર પાટીદાર ચોક મવડી કણકોટ રોડ, કટારીયા ચોકડી સહિતના આશરે ૨૫ કિલોમીટરના વિસ્તારમાં અલગ અલગ ૩૦૦ થી વધુ સીસીટીવી ફૂટેજો ચકાસતા અકસ્માત સર્જનાર સ્વીફ્ટ ગાડી હોવાનું



માલુમ પડ્યું હતું. આ કારનો કાચ થોડો તૂટેલો હોય અને ડાબી બાજુની લાઈટ પણ બંધ થઈ ગઈ હોય જેના આધારે શહેરના અલગ અલગ ગેરેજમાં તપાસ કરી હતી તેમજ અલગ અલગ શોરૂમ અને આરટીઓમાંથી સ્વીફ્ટ ગાડી અંગેની માહિ-તી માંગી કાર જે રૂટ પરથી પસાર થઈ હતી. તે ફ્ટના તમામ મોબાઈલ ટાવરના ડમ્પ મંગાવી તેના આધારે તપાસ કરી અકસ્માત સર્જનાર કારચાલક અરમાન અનવરબાઈ અસગરઅલી શેખ(ઉ.વ ૨૦ રહે. ગોકુલધામ સોસાયટી તિરૂપતિ શેરી નંબર એક ફોર્ચ્યુન હોટલની સામે ૧૫૦ ફૂટ રીંગ રોડ રાજકોટ મૂળ ચારો ખાતરીપૂર જી.બલરામપુર, યુપી) ને ઝડપી લીધો હતો. આ કામગીરીમાં તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ હરપાલસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ કૌશેલન્દ્ર સિંહ ઝાલા, અજયભાઈ ભુંડિયા, મયુરસિંહ, શિવભદ્રસિંહ, નિકુંજભાઈ, જયપાલસિંહ સરવૈયા, મહાવીરસિંહ જાડેજા, બલભદ્રસિંહ, કુલદીપ સિંહ જાડેજાએ કરી હતી.

# મૈત્રી કરારથી રહેતી યુવતીએ ૮.૩૫ લાખ પડાવતા હેર સલૂનના ધંધાર્થીએ વખ ઘોળ્યું

### આપઘાતનો પ્રયાસ કરનાર યુવક પાસેથી મળી સ્યુસાઈડ નોટમાં દંપતી સહિત ત્રણ બ્લેકમેઈલ કરતા હોવાનો ઉલ્લેખ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માયાણીનગર કવાર્ટરમા રહેતા અને જીવરાજ પાર્કમા હેર સલુનનો ધંધો કરતા યુવાને રેસકોર્સ ગ્રાઉન્ડમા ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકને તાત્કાલીક સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામા આવ્યો હતો. આપઘાતનો પ્રયાસ કરનાર યુવાન પાસેથી મળી આવેલી સ્યુસાઇડ નોટમા તેની સાથે મૈત્રી કરારથી રહેતી યુવતીએ દંપતી સાથે મળી બ્લેક મેઈલ કરી રૂ. ૮.૩૫ લાખ પડાવ્યો હોવાનો ઉલ્લેખ કરવામા આવ્યો છે. પોલીસે સ્યુસાઇડ નોટનાં આધારે તપાસનો દોર લંબાવ્યો છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ માયાણીનગર કવાર્ટરમા રહેતા અને જીવરાજ પાર્કમા હેર



સલુનનો ધંધો કરતા કિશોર કાન્જીભાઈ હીરાણી નામનો ૪૦ વર્ષનો યુવાન બપોરનાં

ત્રણેક વાગ્યાનાં અરસામા રેસકોર્સ ગ્રાઉન્ડમા હતો ત્યારે ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતા તાત્કાલીક સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામા આવ્યો હતો. આપઘાતનો પ્રયાસ કરનાર કિશોર હીરાણી પાસેથી એક સ્યુસાઇડ નોટ મળી આવી હતી.

પ્રાથમીક તપાસમા કિશોર હીરાણી ૪ બહેનોનો એકનો એક ભાઈ છે. અને જીવરાજ પાર્કમા હેર સલુનનો ધંધો કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. કિશોર હીરાણી પાસેથી મળી આવેલી સ્યુસાઇડ નોટમા અમીત પટેલ, તેની પત્ની કીરણ અને વંદના સામે આક્ષેપ કર્યા છે અને તેમા જણાવ્યુ છે કે વંદના કિશોર હિરાણીનાં પાર્લરમાં કામ કરતી હતી. અને છેલ્લા છ માસથી મૈત્રી કરાર કરી સાથે રહેતી હતી. અને વંદના અમિત પટેલ અને તેની પત્ની કિરણબેન સાથે મળી બ્લેક મેઈલ કરી રૂ. ૮.૩૫ લાખ પડાવી લીધા છે. વંદનાનો ભાઈ હીરેન અને તેની પત્ની મયુરી સહીત પાંચેય કિશોરનાં ઘરે ઝઘડો કરવા માટે આવતા હતા. અને મારા પાર્લરે આવીને પણ મને મારકુટ કરે છે. વંદના, અમીત અને કિરણ ત્રણેય બધા લોકો સાથે આવુ કરી રૂપીયા પડાવે છે. હું આ બધાની ધમકીથી કંટાળી ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરુ છું તેવો ઉલ્લેખ કરવામા આવ્યો છે. આપઘાતનો પ્રયાસ કરનાર હેર સલુનનાં ધંધાર્થી પાસેથી મળી આવેલી સ્યુસાઇડ નોટનાં આધારે પ્રનગર પોલીસે તપાસનો દોર લંબાવ્યો છે.

# આજી ચોકડી પાસે કેટરર્સમાં કામે જતી મહિલાનું હિટ એન્ડ રનની ઘટનામાં મોત

### ડમ્પર ચાલક રિક્ષાને ઠોકરે ચડાવી નાશી છૂટ્યોઃ અન્ય ત્રણને ઈજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં આજીડેમ ચોકડી પાસે વધુ એક હિડ એન્ડ રનનો બનાવ સામે આવ્યો છે. પૂરપાટ ઝડપે આવતા ડમ્પર ચાલક રીક્ષાને ઉલાળી નાશી છૂટતા રીક્ષા સવાર કેટરર્સમાં જતી મહિલાનું મોત નીપજ્યું હતુ. અન્ય ત્રણ લોકોને સામાન્ય ઈજા પહોંચી હતી.



આ અંગેની જાણવા મળતી વિગત મુજબ કોઠારીયા રોડ પર રણુજા મંદિર પાસે વેલનાથ સોસાયટી શેરી નં.૩માં રહેતી ઈન્દુબેન વિનુભાઈ કસરેજા (ઉ.વ.૪૦) નામના મહિલા આજે સવારે કેટરર્સમાં કામે જતા અન્ય મહિલાઓ સાથે રીક્ષા ભાડે કરી આજી જીઆઈડીસીથી આજીડેમ ચોકડી તરફ જતા હતા ત્યારે સર્વિસ રોડ પર પૂરપાટ ઝડપે આવતા ડમ્પરના ચાલકે રીક્ષાને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જા ડમ્પર ચાલક વાહન લઈ નાશી છૂટયો હતો. આ અકસ્માતમાં ઈન્દુબેનને ગંભર ઈજા થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં આવતા ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યુ હતુ. જયારે અન્ય ત્રણ મહિલાઓને સામાન્ય ઈજા થઈ હતી. બનાવની જાણ થતા આજીડેમ પોલીસ દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી અકસ્માત સર્જા નાશી છૂટેલા ડમ્પર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં મૃતકના પતિ મંડપ સર્વિસમાં કામ કરતા હોવાનું અને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવથી પરિવારજનોમાં શોકની લાગણી છવાઇ જવા પામી છે

# શહેરમાં વધુ એક યુવાને વ્યાજખોરના ત્રાસથી કર્યો આપઘાત

### માતા અને પુત્રની સારવાર માટે લીધેલા ૫૦ હજારના ૨.૪૦ લાખ ચૂકવ્યા છતાં મુદલની ઉઘરાણીથી એસિડ પી જીવન ટૂંકાવ્યું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં વ્યાજખોરોનો ત્રાસ વધતો જાય છે. લોકદરબારના આયોજન બાદ પણ વ્યાજખોરો દ્વારા લોકોને ત્રાસ આપવામાં આવે છે અને વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ગયેલા લોકો આપઘાત કરવાની કોશીષ કરે છે ત્યારે રાજકોટ શહેરમાં પણ આવી જ એક ઘટના સામે આવી છે. જેમાં કુવાડવા પાસે આવેલા નાકરાવાડીમાં રહેતાં યુવાને વ્યાજખોરના ત્રાસથી એસીડ પી લેતાં તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેમનું સારવારમાં મોત નિપજ્યું હતું. આ ઘટનામાં વ્યાજખોર સામે મનલેન્ડ એકટ હેઠળ કાર્યવાહી કરવા તજવીજ શરૂ કરવામાં આવી છે.

આ અંગેની વધુ વિગતો મુજબ, નાકરાવાડીમાં રહેતા સંજય સોમભાઈ વણપુરા (કોળી) (ઉ.૪૦) એ સવારે નવેક વાગ્યે પોતાના ઘરે એસીડ પી લેતાં તેમને ગંભીર હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં તેમનું

સારવારમાં મોત નિપજ્યું હતું. સંજયભાઈ મજુરી કામ કરતાં અને તેઓ પાંચ ભાઈ અને બે બહેનમાં મોટા હતાં. તેમને સંતાનમાં એક પુત્ર છે સંજયભાઈના મૃત્યુથી એક સંતાને પિતાની છત્રછાયા ગુમાવી છે.

સંજયભાઈના પરિવારે જણાવ્યું હતું કે તેમના માતા અને પુત્ર બિમાર હોય જેથી રાજગઢના જયપાલ દરબાર પાસેથી રૂા.૫૦ હજાર ૧૦ ટકા લેખે વ્યાજે લીધા હતાં અને તેમને મહિનાના પાંચ હજાર એમ કુલ ચાર વર્ષ સુધી નાણા ચુકવ્યા હતાં. આમ છતાં

વ્યાજખોર વધુ ૫૦ હજારની માંગણી કરતાં સંજયભાઈએ કંટાળી જઈ સવારે પોતાના ઘરે એસીડ પી લીધું હતું. તેમજ ગઈકાલે જયપાલે ધમકી આપી હતી. બધા રૂપિયા એક સાથે આપો આમ સંજયભાઈએ ૫૦ હજારના ૨.૪૦ લાખ ચુકવી દીધા છતાં પણ વ્યાજખોરે ધમકી આપતાં કંટાળી ગયેલા સંજયભાઈએ આપઘાત કરી લીધો હતો. આ અંગે કુવાડવા પોલીસ મથકના સ્ટાફે કાગળો કરી વ્યાજખોર વિરૂધ્ધ ગુનો દાખલ કરવા તજવીજ હાથ ધરી છે.

# આજીડેમ પાસે જૂની અદાવતમાં યુવાન ઉપર ત્રિપુટીનો છરી વડે હુમલો

### ત્રિપલ સવારી બાઈકમાં આવેલા ત્રણ શખ્સોએ છરીના પાંચ ઘા ઝીંકયાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરનાં આજીડેમ પાસે દ્વારકાધીશ ગૌશાળા નજીક કાર પાર્ક કરી નીચે ઉતરેલા યુવાનને અગાઉનાં ઝઘડાનો ખાર રાખી ત્રીપલ સવારી બાઈકમાં આવેલા ત્રણ શખ્સોએ છરી વડે પાંચ ઘા ઝીંકી ધમકી આપી ભાગી જતા આજીડેમ પોલીસમા ફરીયાદ નોંધાઈ છે.




આ અંગેની માહિતી મુજબ કોઠારીયા સોલવન્ટ દોલતપરામા રહેતો કમલેશ વિનોદભાઈ પરમાર (ઉ.વ. ૨૧) નામનો યુવાને યુવરાજ, વનરાજ અને અજાણ્યા શખ્સ સામે ફરીયાદ નોંધાવી છે આ ઘટનામા ફરીયાદી કમલેશે જણાવ્યુ હતુ કે ત્રણેક મહીના પહેલા નાના ભાઈ વિજયને યુવરાજ સાથે બોલાચાલી થઈ હતી જેથી અંદરો અંદર સમાધાન થઈ ગયું હતુ ગઈકાલે કમલેશ તેમના શેઠ નરેન્દ્ર શર્માને કારખાને ઉતારી કાર દ્વારકાધીશ ગૌશાળાની પાસે પાર્કીંગ કરી તેમાથી ઉતરતા સામેથી ત્રીપલ સવારીમા યુવરાજ, વનરાજ અને એક અજાણ્યા શખ્સે આવી અને ગાળો છબોલવા લાગ્યા હતા તેમને ગાળો બોલવાની ના પાડતા યુવરાજ અને તેની સાથેના અજાણ્યા શખસે ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતા અને વનરાજે છરી કાઢી ધાક ધમકી એમ કુલ ત્રણ ઘા ઝીંકી દીધા હતા.લોહી નીકળવા લાગતા કમલેશ નીચે પડી જતા આરોપી ત્યાંથી ફરાર થયા હતા. આ અંગે તેમના ભાઈ અને મિત્રએ તેમને સિવીલ હોસ્પીટલે ખસેડવામાં આવ્યા હતા. આ મામલે આજીડેમ પોલીસે ફરીયાદ નોંધી કાર્યવાહી કરી હતી.

# હત્યાના ગુનામાં જેલમાથી પેરોલ જંપ કરનાર કેદી ૪ વર્ષે રાજસ્થાનથી ઝડપાયો

### પેરોલફર્લો સ્કોવડની ટીમે વેશપલટો કરી આરોપીને પકડયો; મહિલાની મશ્કરી મુદ્દે થયેલ ઝઘડામાં યુવાનની સાત શખ્સોએ હત્યા કરી'તી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના ગોકુલધામ પાસે થયેલી હત્યામાં સંડોવાયેલા અને છેલ્લા ઘણાવખતથી અમદાવાદ જેલમાં રહેલા રાજકોટના આરોપીએ પેરોલ મળ્યા બાદ ચાર વર્ષથી તે ફરાર હોય જેને રાજકોટ પેરોલ ફર્લોસ્કોડના સ્ટાફે રાજસ્થાનથી ઝડપી લઈ જેલહવાલે કર્યો છે. મહિલાની મસ્કરી બાબતે થયેલ બાબતે માથાકુટમાં વર્ષ ૨૦૦૯માં યુવાનની સાત શખ્સોએ હત્યા કરી હતી. જેમાં રાજસ્થાનથી પકડાયેલા શખ્સને આજીવન કેદની ફરાર થઈ ગયો



હતો.

મળતી વિગતો મુજબ શહેરના ગોકુલધામ પાસે ગત તા. ૧૦/૬/૨૦૦૯ના રોજ નરેન્દ્રસિંહ નામના યુવાની હત્યા થઈ હતી જે હત્યામાં યજ્ઞેશ દિલિપભાઈ તેમજ પ્રકાશગીરી કાંતીગીરી ગોસ્વામી અને તેની સાથેના બીજા પાંચ અજાણ્યા પાંચ એમ કુલ સાત શખ્સો સામે હત્યાનો ગુનો નોંધાયો હતો. આ હત્યાકેસમાં યજ્ઞેશ ઉર્ફે લાલો દિલીપ પંડીતને આજીવન કેદની સજા થઈ હતી અને તેને અમદાવાદ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો. અમદાવાદ જેલમાંથી પેરોલ મેળવી યજ્ઞેશ છેલ્લા ચારેક વર્ષથી ફરાર હતો. આજીવન કેદની સજામાં ફરાર યજ્ઞેશ રાજસ્થાનમાં હોવાની પેરોલ ફર્લોસ્કોડના પીઆઈ ભાર્ગવસિંહ ઝણકાટ અનેતેમની ટીમને બાતમી મળી હતી. ટીમના એએસઆઈ અમૃતભાઈ મકવાણા, જહીરભાઈ ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલે, રાજદીપસિંહ, કુલદિપસિંહ જાડેજા, શામતભાઈ ગઢવી, સીરાજભાઈ ચાનીયા અને રોહિતભાઈ કછોટની ટીમે ફરાર યજ્ઞેશને પકડવા માટે રાજસ્થાન ગયા હતાં અને વેશ પલ્ટો કરી વોચ ગોઠવી રાજસ્થાનના સિકર જિલ્લાના ખાટુશ્યામ રોડ ઉપરથી યજ્ઞેશને ઝડપી લીધો હતો.

# માધાપર ચોકડી પાસે નવનિર્મિત બિલ્ડિંગના ચોથા માળેથી લીફ્ટના ખાડામાં પટકાયેલા યુવકનું મોતઃ ધક્કો માર્યાનો આક્ષેપ

### બેદરકારી દાખવનાર સામે કાર્યવાહી કરવા પરિવારજનોની માંગ; પોલીસ તપાસ જારી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના માધાપર ચોકડી પાસે નવા બની રહેલા મેરી ગોલ્ડ બિલ્ડીંગના ચોથા માળેથી લાદી કામ કરી રહેલો યુવાન અકસ્માતે લીફ્ટના ખાડામાં પડતાં ગંભીર રીતે ઘવાયો હતો અને તેમને સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવતાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટનાની જાણ તેમના પરિવારજનોને કરવામાં આવતાં પરિવારજનો સિવિલ હોસ્પિટલે પહોંચી ગયા હતાં અને તેઓએ કોઈએ ચોથા માળેથી ધક્કો મારી દીધાનું આક્ષેપ કર્યો હતો. આ ઘટના મામલે પોલીસે કાગળો કર્યા હતાં.

આ અંગેની માહિતી મુજબ શહેરના હરિધવા રોડ પર આવેલી સરદાર પટેલ સોસાયટી શેરી નં.૧માં રહેતાં વિવેક દિલીપભાઈ રાઘવાની (કડિયા) (ઉ.૨૫) નામના યુવાન સવારના સમયે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર માધાપર ચોકડી નજીક નવા બની રહેલા મેરીગોલ્ડ બિલ્ડીંગના ચોથા માળે લાદી કામ કરી રહ્યો હતો ત્યારે અકસ્માતે લીફ્ટના ખાડામાં પડતાં તેમને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી ત્યારબાદ ત્યાં હાજર લોકોએ તેને હોસ્પિટલે લઈ ગયા હતાં. જ્યાં તેમને ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. વીવેક બે ભાઈમાં નાનો અને અપરિણીત હતો.

આ ઘટના મામલે પરિવારજનોને જાણ કરવામાં આવતાં તેઓ સિવિલ હોસ્પિટલે પહોંચી ગયા હતાં. અને તેઓએ આક્ષેપ કર્યો હતો કે વિવેકને ચોથા માળેથી કોઈએ ધક્કો માર્યો છે. ત્યારબાદ પોલીસ પણ સિવિલ હોસ્પિટલે પહોંચી ગઈ હતી અને જરૂરી કાગળો કર્યા હતાં. પરિવારે એવો પણ



આક્ષેપ કર્યો હતો કે ચોથા માળે લીફ્ટનો ખાડો હોય જે લાકડાના પાટીયા દ્વારા બંધ રાખવામાં આવતો હોય છે પરંતુ બિલ્ડર દ્વારા તે જગ્યા ખુલ્લી રાખવામાં આવતાં અને બેદરકારી દાખવતા પુત્ર વિવેક આ લીફ્ટના ખાડામાં પડી ગયો હતો. જે કોઈએ પણ બેદરકારી દાખવી હોય તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. યુવાનના મૃત્યુથી પરિવારમાં શોક છવાઈ ગયો છે.